dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-306 | AD -2026, Ashadh Vad -14 | Tuesday, Dt. 11-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# ઝારખંડ વિધાનસભા ઘેરાવ દરમિયાન વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

ઝારખંડ,તા.૧૦

ઝારખંડની રાજધાની રાંચીમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થયેલી ગડબડી અને કૌભાંડોના વિરોધમાં છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલું વિદ્યાર્થી આંદોલન ૧૦ ઓગસ્ટના રોજ અત્યંત ઉગ્ર બની ગયું હતું. હજારોની સંખ્યામાં એકઠા થયેલા વિદ્યાર્થીઓએ રાજ્ય વિધાનસભા તરફ 'વિધાનસભા ઘેરાવ' કૂચનું આયોજન કર્યું હતું. આ દરમિયાન સ્થિતિ બેકાબૂ બનતાં પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે તીખી ઝડપ થઈ હતી. પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસ છોડ્યા વિધાનસભા પરિસર તરફ આગળ વધી રહેલા આંદોલનકારી વિદ્યાર્થીઓને રોકવા માટે સુરક્ષા દળોએ ભારે કચાસ વગર મોટા પ્રમાણમાં બેરિકેડિંગ અને તારની ઘેરાબંધી કરી હતી. જોકે, આવેશમાં આવેલા વિદ્યાર્થીઓએ સુરક્ષા કોર્ડન અને બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. ભીડને વિખેરવા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો, ટીયર ગેસના સેલ છોડ્યા અને વ્યાપક લાઠીચાર્જ કર્યો હતો. જવાબમાં આક્રોશિત વિદ્યાર્થીઓએ પોલીસ પર ખાલી બોટલો અને ચપ્પલ ફેંક્યા હતા, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ વોટર કેનનના પાણી વચ્ચે વિરોધ નોંધાવતા નાચવાનું પણ શરૂ કર્યું હતું. આંદોલનનું નેતૃત્વ કરી રહેલા વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મહતો, જેઓ વિરોધ પ્રદર્શન દરમિયાન નવ દિવસથી ભૂખ હડતાળ પર છે, તેઓ નબળી શારીરિક સ્થિતિ હોવા છતાં એમ્બ્યુલન્સ અને સ્ટ્રેચર દ્વારા આ કૂચમાં જોડાયા હતા. તેમણે જણાવ્યું હતું કે, અહીં લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગેલું છે. મારા પોતાના સ્વાસ્થ્ય કરતાં લાખો યુવાનોનું ભવિષ્ય વધારે મહત્વનું છે. આ આંદોલન હવે અટકવાનું નથી, તે એક જન આંદોલન બની ચૂક્યું છે. રાજકીય ગરમાવો અને સરકાર પર પ્રહારોઆ ઘટના બાદ રાજ્યમાં રાજકીય માહોલ ગરમાયો છે. ડુમરીના સ્વતંત્ર ધારાસભ્ય જયરામ મહતોએ વિધાનસભા બહાર આવી વિદ્યાર્થીઓને સમર્થન જાહેર કર્યું હતું. જ્યારે આરોગ્ય પ્રધાન ઈરફાન અન્સારીએ દાવો કર્યો હતો કે સરકાર વિદ્યાર્થીઓની સાથે છે.






# દિલ્હીમાં વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન અંગે સરકાર ચર્ચા કરવા તૈયાર: કિરન રિજિજુ

નવી દિલ્હી,તા.૧૦

ચોમાસુ સત્ર દરમિયાન દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે સંસદમાં ચર્ચા કરવાની વિપક્ષની માંગણીનો સરકારે સ્વીકાર કર્યો છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરન રિજિજુએ સંસદ ભવન બહાર પત્રકારોને જણાવ્યું હતું કે, સરકાર આ સંવેદનશીલ મુદ્દા પર ગૃહમાં વિગતવાર ચર્ચા કરવા અને તમામ પ્રશ્નોના જવાબ આપવા સંપૂર્ણપણે તૈયાર છે.રિજિજુએ સ્પષ્ટ કર્યું કે, ગૃહમંત્રી અમિત શાહ માત્ર નિવેદન જ નહીં આપે, પરંતુ આખી ચર્ચાનો વિસ્તૃત જવાબ પણ આપશે. જોકે, તેમણે વિપક્ષને વિનંતી કરી હતી કે જ્યારે ગૃહમંત્રી જવાબ આપવાનું શરૂ કરે ત્યારે વિપક્ષે હંગામો મચાવવાને બદલે શાંતિપૂર્વક સરકારનો પક્ષ સાંભળવો જોઈએ.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૧-૦૮-૨૦૨૬

# બગસરા એસટી ડેપોના રૂટ બાબતે પેસેન્જર એસોસિયેશનની રજૂઆત

બગસરા,તા.૧૦

બગસરા પેસેન્જર એસોસિયેશન દ્વારા એસટી ડેપો મેનેજરને આવેદનપત્ર આપી ડેપોની વિવિધ સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બગસરાથી સુરત વાયા વડિયા બસમાં આવક નહિવત હોવાથી આ બસ બંધ કરી તેની જગ્યાએ સ્લીપર બસ બગસરાથી માતાનો મઢ સુધી શરૂ કરવા માંગ કરવામાં આવી હતી. ઉપરાંત બગસરા-ભાવનગર સવારે ૯ કલાકે, બગસરા-પોરબંદર તથા બગસરા-ખાંભા-વીરપુર બસ શરૂ કરવા અને બગસરા-વડોદરા બસને પાવાગઢ સુધી લંબાવવાની રજૂઆત કરવામાં આવી હતી. આ બસો શરૂ થાય તો મુસાફરોને અન્ય ડેપોનો સહારો લેવો ન પડે તેવી રજૂઆત કરાઈ હતી. આ સાથે શ્રાવણ માસ નિમિત્તે બગસરાથી સોમનાથ બસ શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. ડેપો મેનેજરે તાત્કાલિક નિર્ણય લઈ અમાસથી બસ શરૂ કરવાની જાહેરાત કરી હતી. બસ સવારે ૭:૩૦ વાગ્યે બગસરાથી ઉપડી બપોરે ૩ વાગ્યે સોમનાથથી પરત ફરશે. નિર્ણયથી પેસેન્જર એસોસિયેશન અને ધર્મપ્રેમી લોકોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી.


તસવીર : હાર્દિક બામટા

# ડો.જી.જે.ગજેરાની અધ્યક્ષતામાં લાઠી શહેરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૦

લાઠી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની લાઠી તાલુકા અને નગરની મહત્વપૂર્ણ બેઠક સંન્યાસ આશ્રમ પરિસરમાં યોજાઈ હતી. સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. જી.જે. ગજેરાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવિણ તોગડિયાની ઉપસ્થિતિમાં લાઠી ખાતે યોજાનારી ધર્મસભાના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ધર્મસભાને સફળ બનાવવા માટે વિવિધ વ્યવસ્થાઓ અંગે કાર્યકર્તાઓ સાથે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત લાઠી તાલુકા અને નગરમાં પરિષદની સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા માટે કાર્યકર્તાઓની ટીમ તૈયાર કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં મનસુખભાઈ રૈયાણી, દિલીપભાઈ દેસાઈ સહિત ધર્મપ્રેમી ભાઈઓ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# સાવરકુંડલાના મઢડા ગામે માલઢોર બાબતે ઠપકો આપતા પાવડાનો ઘા ઝીંક્યો

**સામાન્ય બાબતમાં બોલાચાલી થતા માર મરાયો**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના મઢડા ગામે માલઢોર બાબતે ઠપકો આપતા પાવડાનો ઘા ઝીંક્યો હતો. બનાવ અંગે વલકુભાઈ નાજાભાઈ જાંજા (ઉ.વ. ૩૭)એ રવજીભાઈ ભીખાભાઈ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના ખેતરમાં આરોપીના માલઢોર અવારનવાર આવી જતા હોવાથી ઠપકો આપ્યો હતો. જેથી આરોપીને સારું નહીં લાગતા અપશબ્દો બોલી પાવડાનો ઘા માર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પી. એ. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં ૧૦ સેવા સહકારી મંડળીઓની સંયુક્ત વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બાબરા,તા.૧૦

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની બાબરા શાખા સાથે સંકળાયેલી ૧૦ સેવા સહકારી મંડળીઓની સંયુક્ત વાર્ષિક સાધારણ સભા બાબરા ખાતે યોજાઈ હતી. કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના આગેવાન દીલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહી સભાને સંબોધી સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃધ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ PACS માટે અમલમાં મુકાયેલા નવા મોડેલ બાયલોઝથી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓને વધુ સશક્ત બનાવવામાં આવી છે.ગ્રામ્ય સ્તરે PACS મજબૂત બનશે તો તાલુકા અને જિલ્લા સ્તરની સહકારી વ્યવસ્થા પણ વધુ સુદ્દઢ બનશે.



# બાબરા પોલીસ સ્ટેશનના નાસતા આરોપીને પકડી પાડતી અમરેલી એસઓજી ટીમ

બાબરા,તા.૧૦

બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સજા વોરંટના કામે નાસતા આરોપીને અમરેલી એસઓજી ટીમે ઝડપી પાડ્યો હતો. પોલીસને ખાનગી રાહે મળેલ બાતમીના આધારે બાબરા શહેરમાંથી ભાવેશભાઈ મનસુરભાઈ જોષી ઉંમર વર્ષ ૩૩, ધંધો વેપાર, રહે બાબરા, ભગવતીપરા, તા. બાબરા, જી. અમરેલીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી વિરૂધ્ધ રાજકોટ કોર્ટનો સજા વોરંટ હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે બાબરા પોલીસ સ્ટેશન ખાતે સોપી દેવામાં આવ્યો છે.



# અમરેલી બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ

**સાંસદ ભરત સુતરીયા,અતુલ કાનાણી સહિત અધિકારીઓએ સ્વચ્છતા હાથ ધરી**

અમરેલી,તા.૧૦

અમરેલી બસ સ્ટેશન ખાતે સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, વિભાગીય નિયામક ભાવેશ પટેલ, પરિવહન અધિકારી ખાંભલા, અમરેલી ડેપો મેનેજર દવે સહિત એસ.ટી.ના અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. બસ સ્ટેશન પરિસર સહિત આસપાસના વિસ્તારોમાં ગંદકી કચરો એકત્ર કરાયો હતો. આમ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વે અધિકારીઓએ અને પદાધિકારીઓ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી લોકોને સ્વચ્છતા અંગેનો સંદેશો આપ્યો હતો.



તસવીર : મયુર પંડયા

# બગસરા મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિના ચેકો અર્પણ કરાયા

બગસરા,તા.૧૦

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ધારી શાખા દ્વારા બાજપાઈ સહાય નિધિના ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં શાખાના સભાસદના વારસદાર વિપુલકુમાર નગીનદાસ ગાંધીને રૂા. ૨૫ હજાર તેમજ નયનાબેન કમલેશભાઈ જોષીને રૂા. ૨૫ હજારના ચેક મંડળીના જનરલ એમ.ડી. નિતેષ ડોડીયા તથા ધારી શાખાના એમ.ડી. કેતનભાઈ સોનીના વરદહસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.



# અમરેલીના વડેરામાં રાષ્ટ્રીય કૃમિ દિવસની ઉજવણી

અમરેલી,તા.૧૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી ડો. એસ.બી. સતાણી તથા મેડિકલ ઓફિસર મોટા આંકડીયા ડો. મીતાલીબા જાડેજા અને ડો. કીર્તિ મેડમના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે રાષ્ટ્રીય કૃમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન વડેરા અને રંગપુર ગામની શાળાએ જતા, આંગણવાડીમાં જતા તેમજ વાડી વિસ્તારમાં રહેતા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને ઉંમર પ્રમાણે આલ્બેન્ડાઝોલની ટેબ્લેટનો ડોઝ આપવામાં આવ્યો હતો. તેમજ ૬ માસથી ૫ વર્ષ સુધીના બાળકોને ઉંમર પ્રમાણે વિટામીન-એનો ડોઝ આપવામાં આવ્યો હતો. ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ ગૃહકાર્ય રિપોર્ટના કાર્ડ આપી માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય કેન્દ્રના સ્થાનિક સ્ટાફ, શાળાના શિક્ષકો તથા આંગણવાડી બહેનોએ જહેમત ઉઠાવી હતી.



# ગમાપીપળીયા ગામે સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ

બાબરા,તા.૧૦

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત બાબરા તાલુકા પંચાયત દ્વારા ૧૫મી ઓગસ્ટના રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની પૂર્વસંધ્યાએ ગમાપીપળીયા ગામે વિશાળ સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. આ અભિયાન દરમિયાન ગામના જાહેર માર્ગો અને પરિસરોની સઘન સફાઈ કરવામાં આવી હતી. સાથે જ ગ્રામજનોને સ્વચ્છ અને સુંદર ગામના નિર્માણ માટે જાગૃત કરાયા હતા.આ કાર્યક્રમમાં ગમાપીપળીયાના સરપંચ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના કર્મચારીઓ અને ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. સૌએ સાથે મળીને આ ઝુંબેશને સફળ બનાવી હતી.પ્રસંગોચિત સંદેશ આપતા જણાવવામાં આવ્યું કે, સ્વચ્છતા એ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતાં રોજિંદા જીવનની ટેવ બનવી જોઈએ. ''સ્વચ્છ ગામ, સુંદર ગામ, સ્વસ્થ ગામ''ના સંકલ્પ સાથે યોજાયેલ આ પ્રવૃત્તિથી સમગ્ર ગામમાં સ્વચ્છતા પ્રત્યે એક નવી જાગૃતિનો સંચાર થયો હતો.



# બગસરા એસટી ડેપોમાં સફાઈ અભિયાન યોજાયું

બગસરા તા. ૧૦

આવતા ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે બગસરા એસટી ડેપો ખાતે સ્વચ્છ ભારત અને સ્વચ્છ ગુજરાત અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. એસટી વિભાગ દ્વારા યોજાયેલા આ સફાઈ અભિયાનમાં બગસરા તાલુકા ભાજપના પ્રભારી પ્રકાશભાઈ કારીયા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ ગોંડલીયા, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી તેમજ નગરપાલિકાના સદસ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવોનું બગસરા એસટી ડેપો મેનેજર ગઢવીબેન દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એસટી ડેપોના સમગ્ર પરિસરમાં સઘન સફાઈ કરવામાં આવી હતી. મુસાફરોને સ્વચ્છ અને સુઘડ વાતાવરણ મળી રહે તેમજ મચ્છર અને દુર્ગંધની સમસ્યા ન રહે તેવા આશયથી આ સફાઈ અભિયાન યોજવામાં આવ્યું હતું. એસટી વિભાગ અને પાલિકાના અગ્રણીઓની કામગીરીને ઉપસ્થિત લોકોએ આવકારી હતી.











**વિદ્યાર્થીઓને સિંહ સંરક્ષણનું મહત્વ સમજાવી માર્ગદર્શન અપાયુ**

# કુંકાવાવમાં વ્રજ વિદ્યાલય ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી

મોટી કુંકાવાવ,તા.૧૦

કુંકાવાવ તાલુકામાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી અત્યંત ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે વ્રજ વિદ્યાલય, કુમાર શાળા, કન્યા શાળા, જંકશન શાળા, ઘનશ્યામનગર શાળા, ભક્તિનગર શાળા તેમજ સ્થાનિક કુમાર અને કન્યા હાઈસ્કૂલના ૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સિંહના મહોરાં પહેરીને બેનરો અને સૂત્રોચ્ચાર સાથે કુંકાવાવના જાહેર માર્ગો પર રેલી કાઢીને સિંહ સંરક્ષણ અંગે લોકજાગૃતિ ફેલાવી હતી. આ મેગા રેલી વ્રજ વિદ્યાલયના પરિસરમાં પહોંચીને સભામાં ફેરવાઈ હતી. તાલુકા કો-ઓર્ડિનેટર ઉદયભાઈ દેસાઈએ બાળકોને સિંહ



સંરક્ષણનું મહત્વ સમજાવી આપણી વિરાસત સમાન સિંહના જતન માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. વ્રજ વિદ્યાલયના ધોરણ ૮ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ગીરના આભૂષણ સમાન સિંહ વિશે સુંદર કવિતાઓ, દુહા અને વક્તવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં વન વિભાગના ગાર્ડ મિત્તલ મેડમે પણ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. **BRC** નિરવભાઈ સાવલિયા, તાલુકા કો-ઓર્ડિનેટર, **CRC** મિત્રો અને તમામ શાળાઓના શિક્ષકગણના ઉત્કૃષ્ટ સંકલનથી સમગ્ર આયોજન સફળ બન્યું હતું. અંતમાં વ્રજ વિદ્યાલયના આચાર્ય વિવેકભાઈ દિક્ષિતે સુંદર વ્યવસ્થા પૂરી પાડી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓની મેગા રેલી યોજી સિંહ બચાવોના નારા લગાવ્યા**

# ધારીના જળજીવડી ગામે મકાનમાં ઘૂસી દીપડાએ ૮ વર્ષની બાળકી પર કર્યો હુમલો

ધારી,તા.૧૦

ધારી તાલુકાના જળજીવડી ગામ નજીક રહેણાંક મકાનમાં ઘૂસી આવેલા દીપડાએ ૮ વર્ષની બાળકી પર અચાનક હુમલો કરતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ વિનુભાઈ પાટડીયાની બાળકી પર પરિવારના સભ્યોની નજર સામે જ દીપડાએ હુમલો કર્યો હતો. બાળકી પર દીપડો હુમલો કરી રહ્યો હતો ત્યારે પરિવારજનો તાત્કાલિક દોડી આવતા દીપડો



ત્યાંથી ભાગી ગયો હતો. દીપડાના હુમલામાં બાળકી ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં દલખાણીયા રેન્જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. વનવિભાગની ટીમ દ્વારા દીપડાનું લોકેશન મેળવવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. તેમજ દીપડાને ઝડપી પાડવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# દામનગરમાં વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી

દામનગર,તા.૧૦

દામનગર પે. સેન્ટર શાળા નંબર-૧ (ગ્રીન શાળા), પી. એમ. શ્રી ખાતે ૧૦ ઓગસ્ટે વિશ્વ સિંહ




દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત ભવ્ય રેલીનું આયોજન કરાયું હતું, જેમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ સિંહ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવી હતી. સિંહોના જતન અને સંરક્ષણ માટે વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે સિંહ સંરક્ષણ અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# બગસરામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળની સંયુક્ત બેઠક યોજાઈ

બગસરા,તા.૧૦

બગસરા ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા રાષ્ટ્રીય બજરંગ દળની સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં આગામી જન્માષ્ટમી પર્વની ઉજવણી કેવી રીતે કરવી અને કયા કાર્યક્રમો યોજવા તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત બગસરાના



તસવીર : હાર્દિક બામટા

વિવિધ વિસ્તારોમાં હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા અંગે પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. હિન્દુ સમાજને સંગઠિત કરવા અને આગામી સમયમાં વિવિધ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમો યોજવાના ઉદ્દેશથી આ બેઠક યોજાઈ હતી. બેઠકમાં અમરેલીથી ખાસ ઉપસ્થિત રહેલા ડોક્ટર ગજેરા, ડોક્ટર દેસાણી, જીલુભાઈ વાળા તથા સુરેશભાઈ સોલંકીએ ઉપસ્થિત કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત બગસરામાંથી કનુભાઈ વ્યાસ, હિતેશભાઈ જોશી, પરેશભાઈ છત્રોલા, પુનિતભાઈ તન્ના સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી-સોમનાથ બસ શરૂ થતા ભાવિકોમાં આનંદ

અમરેલી, તા.૧૦

અમરેલી ડેપો દ્વારા મુસાફર જનતાની માંગને ધ્યાને લઈ અમરેલી-સોમનાથ એક્સપ્રેસ શરૂ



કરવામાં આવી છે. સોમવારથી શરૂ થયેલી બસ અમરેલીથી સવારે ૭ કલાકે ઉપડશે જે ચલાલા,ખાંભા, ધોકડવા, કોડીનાર ઉના થઈને સોમનાથ ૧૨ કલાકે પહોચશે અને ત્યાંથી બપોરના બે કલાકે આ જ રૂટ પર પરત ફરશે. શ્રાવણ માસ પૂર્વે અમરેલી-સોમનાથ બસને સાંસદ ભરત સુતરીયા, અતુલ કાનાણી,ડી. સી.ભાવેશ પટેલ, ડેપો મેનેજર દવે સહિતના અધિકારીઓને લીલી ઝંડી આપી હતી.

# અમરેલીમાં અખંડ ભારત સંકલ્પ દિવસ નિમિત્તે ભારત માતા પૂજન-આરતી

અમરેલી,તા.૧૦

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ, અમરેલી જિલ્લા દ્વારા તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આગામી ૧૪ ઓગસ્ટના અખંડ ભારત સંકલ્પ દિવસ નિમિત્તે રામકૃપા બોયઝ હોસ્ટેલ ખાતે ભારત માતા પૂજન અને આરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં



આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભારત માતાનું પૂજન કરી આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લા બજરંગ દળના સહ-સંયોજક કરણભાઈ વાજા, સાપ્તાહિક મિલન કેન્દ્રના પ્રમુખ માધવભાઈ ભટ્ટ, વિદ્યાર્થી સહ-પ્રમુખ ભવ્યભાઈ સવાણી, હિન્દુ આગેવાન સંદીપભાઈ પટેલ તથા મંદિરના પૂજારી ભીખુભાઈ ચૌહાણ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વિશ્વ સિંહ દિવસ નિમિત્તે અમરેલી લાયન્સ ક્લબ દ્વારા રેલી યોજાઈ

અમરેલી,તા.૧૦

'વિશ્વ સિંહ દિવસ'ની રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેરમાં એશિયાટિક સિંહોના સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ અર્થે એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં અમરેલીની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને 'લાયન્સ ક્લબ ઓફ અમરેલી




રોયલ' સક્રિય રીતે જોડાયા હતા. બાળકો અને સભ્યોએ સિંહ બચાવોના સંદેશ આપતા પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ફરી લોકોને જાગૃત કર્યા હતા. કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પ્રમુખ રાકેશ નાકરાણી, વિજય વસાણી અને સેક્રેટરી રાજેશ ગઢિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હોદ્દેદારોએ બાળકોના ઉત્સાહને બિરદાવી સમાજને સિંહોના જતન માટે આગળ આવવા અપીલ કરી હતી. શિક્ષકો અને વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં આ આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

## નામ બદલાવેલ છે

હું સાવલીયા હિનાબેન જયસુખભાઈ રહે. છાપરી તાઃ સાવરકુંડલા, જિ. અમરેલીવાળા જાહેર કરુ છુ કે મારુ અંગ્રેજીમાં નામ **SAVLIYA HEENABEN JAYASUKHBHAI** લખાયેલ છે. પરંતુ મારુ સાચુ અને ખરુ નામ **SAVALIYA HEENABEN JAYSUKHBHAI** છે જેથી હવેથી હું અંગ્રેજી ઉચ્ચારણ પ્રમાણેનાં મારા નવા નામ **SAVALIYA HEENABEN JAYSUKHBHAI** તરીકે ઓળખાઈશ અને જે સરકારી રેકર્ડ તથા અન્ય તમામ જગ્યાએ તેનો હું ઉપયોગ કરીશ જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

## નામ બદલાવેલ છે

હું કાતરીયા વિરાજ કેશુભાઈ રહે. વિજપડી તાઃ સાવરકુંડલા, જિ.અમરેલીવાળા જાહેર કરુ છુ કે મારુ અંગ્રેજીમાં નામ **KATARIYA VIRAJ KESUBHAI** લખાયેલ છે. પરંતુ મારુ સાચુ અને ખરુ નામ **KATARIYA VIRAJ KESHUBHAI** છે જેથી હવેથી હું અંગ્રેજી ઉચ્ચારણ પ્રમાણેનાં મારા નવા નામ **KATARIYA VIRAJ KESHUBHAI** તરીકે ઓળખાઈશ અને જે સરકારી રેકર્ડ તથા અન્ય તમામ જગ્યાએ તેનો હું ઉપયોગ કરીશ જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.275/2026
જન્મ તારીખ: 28/09/2006

પ્રવિણભાઈ અમરસીંહભાઈ પરમાર,
રહે.સરખડી, ગામ-સરખડી, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત સરખડી**, તા. કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રવિણભાઈ અમરસીંહભાઈ પરમાર, રહે. સરખડી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પ્રવિણભાઈ અમરસીંહભાઈ પરમાર તથા મંજુલાબેન પ્રવિણભાઈ પરમાર ના પુત્રી **ઉર્વશીબેન પ્રવિણભાઈ પરમારનો જન્મ તારીખ ૨૮/૦૯/૨૦૦૬**ના રોજ કોડીનાર તાલુકાના **સરખડી** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૪/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**




**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## CHANGE OF NAME

I SAVALIYA HEENABEN JAYSUKHBHAI Resi.CHHAPRI, under savar kundla taluka of amreli district declare that my name is written SAVLIYA HEENABEN JAYASUKHBHAI in English word. My true and real name SAVALIYA HEENABEN JAYSUKHBHAI. So, I declare that in English my new name is SAVALIYA HEENABEN JAYSUKHBHAI and if any of my government documents and government record I use it has to be noted.

## CHANGE OF NAME

I KATARIYA VIRAJ KESHUBHAI Resi. Vijapadi, under savar kundla taluka of amreli district declare that my name is written KATARIYA VIRAJ KESUBHAI in English word. My true and real name is KATARIYA VIRAJ KESHUBHAI. So, I declare that in English my new name is KATARIYA VIRAJ KESHUBHAI and if any of my government documents and government record I use it has to be noted.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.274/2026
જન્મ તારીખ: 02/02/2006

મેરુભાઈ હમીરભાઈ પામક,
રહે. મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
**ગ્રામ પંચાયત મોટી ફાફણી**, તા. કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મેરુભાઈ હમીરભાઈ પામક, રહે. મોટી ફાફણી, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મેરૂભાઈ હમીરભાઈ પામક તથા કડવીબેન મેરૂભાઈ પામક ના પુત્ર **દિવ્યેશ મેરૂભાઈ પામકનો જન્મ તારીખ ૦૨/૦૨/૨૦૦૬**ના રોજ કોડીનાર તાલુકાના **મોટી ફાફણી** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૪/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

**સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો, આધેડને ગંભીર ઈજા**

# અમરેલીથી આવતી બોલેરો લીલીયા નજીક પલટી મારતા ૮ લોકોને ઘાયલ

અમરેલી,તા.૧૦

અમરેલીથી લીલીયા તરફ આવી રહેલી બોલેરો ગાડીને લીલીયા ૬૬ કેવી નજીક અકસ્માત નડ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, બોલેરો ચાલક દ્વારા સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી પલટી મારી ગઈ હતી. અકસ્માત સમયે બોલેરોમાં કુલ ૧૪ લોકો સવાર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતમાં ૯ લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માતના પગલે આસપાસના લોકો સહિત રાહદારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે લીલીયા સિવિલ



હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ ઈજાગ્રસ્તોની પ્રાથમિક સારવાર શરૂ કરી હતી. અકસ્માતમાં એક આધેડને ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડને વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

**ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડને વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા**

# દામનગરના રાભડા રોડ પર આવેલ ટ્રાન્સફોર્મર સુરક્ષિત કરવાની માંગ

દામનગર,તા.૧૦

દામનગરના રાભડા રોડ પર હનુમાનજી દાદાની ડેરી નજીક મુખ્ય માર્ગ પર પી.જી.વી.સી.એલ.નું ટ્રાન્સફોર્મર આવેલું છે.



માર્ગની નજીક આવેલા આ ટ્રાન્સફોર્મરને કારણે અકસ્માતની શક્યતા રહેતી હોવાથી તેને સુરક્ષિત કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. સ્થાનિકો દ્વારા ટ્રાન્સફોર્મરની આસપાસ જરૂરી સુરક્ષા વ્યવસ્થા, બેરિકેડ તથા ચેતવણી સૂચક બોર્ડ મૂકવાની માંગ કરવામાં આવી છે. અકસ્માત નિવારવા અને વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખી સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# ટીંબી મેલડીમાતાના મંદિર પાસેથી બાઈકની ઉઠાંતરી

**નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન.પરમારે તપાસ હાથ ધરી**

નાગેશ્રી, તા.૧૦

જાફરાબાદના ટીંબી નવાપરા વિસ્તારમાં રહેતા ભરતભાઈ માધુભાઈ બાંભણીયા (ઉ.વ.૩૪)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ટીંબી મેલડી માતાના મંદિરથી આગળ આવેલા સંજયભાઈ રામજીભાઈ પરમારના હીરાના કારખાના સામે જાહેર રોડની સાઈડમાં પાર્ક કરેલી કાળા કલરની તેમની મોટરસાયકલ અજાણ્યો ચોર ચોરી કરી ગયો હતો. જેની પોલીસ ચોપડે કિંમત રૂ. ૭૦ હજાર જાહેર થઈ હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# મૈત્રી કરારથી રહેતી મહિલાએ દિયરની જાનથી મારી નાખવાની ધમકીથી ગભરાઈને ઝેરી દવા ગટગટાવી

ધારી, તા.૧૦

મૈત્રી કરારથી સાથે રહેતી એક મહિલાને તેના પૂર્વ પતિના ભાઈ (દિયર) દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતાં, ગભરાઈ ગયેલી મહિલાએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યાની ગંભીર ઘટના સામે આવી છે. હાલ મહિલા અર્ધબેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે.ઘટનાની મળતી વિગતો મુજબ, સુરેન્દ્રનગર જિલ્લાના મદારગઢ ગામે રહેતા દેવાભાઈ નામના શખ્સે ભોગ બનનાર પાયલબેનના હાલના મૈત્રી કરારવાળા પતિ રસીકભાઈ ચારોલાના પિતા બાવચંદભાઈ ચારોલા સાથે વાતચીત કરી હતી. પાયલબેનના પ્રથમ પતિનું વર્ષો અગાઉ અવસાન થયું હતું. વાતચીત દરમિયાન દિયર દેવાભાઈએ ઉશ્કેરાઈને ધમકી આપી હતી કે, "રસીક અને પાયલ જ્યાં પણ મળશે તેમને મારી નાખવાના છે અને જીવતા છોડવાના નથી."દિયર દ્વારા આપવામાં આવેલી આ સીધી ધમકી અને માનસિક ત્રાસથી ગભરાઈ ગયેલા પાયલબેનને ભારે લાગી આવ્યું હતું. આઘાતમાં આવીને તેમણે શેલ ખંભાળીયા ગામે આવેલી વાડી-ખેતરમાં ઘાસચારા પર છંટકાવ કરવાની ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરની અસર થતાં જ તેમને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ અર્ધબેભાન અવસ્થામાં હોવાથી નિવેદન આપી શકે તેવી સ્થિતિમાં નથી.

# અમરેલીમાંથી મંદિરના સ્લેબના લોખંડની ચોરી

**કોન્ટ્રાક્ટરે નામ જોગ બે ઈસમો સામે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૦

અમરેલીમાંથી લોખંડની ચોરી થઈ હતી. આ અંગે બાંધકામનો ધંધો કરતા નરેશભાઈ દાનજીભાઈ ચાવડા (ઉ.વ.૫૦)એ મહેબૂબ તથા હિરેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે અમરેલી ગાયત્રી મંદિર પાછળ રામાપીર મંદિરના સ્લેબનું કામ રાખ્યું હતું. ત્યાંથી આરોપીઓ તેમના રૂ. ૨,૨૦૦ની કિંમતના લોખંડના બે ડાગ ચોરી કરી ગયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી તાલુકાના ડાંગાવદર ગામે નિશાચરોએ બંધ મકાનને નિશાન બનાવી પોલીસને પડકાર ફેંક્યો

**રૂ. ૨૧,૫૦૦ના મુદ્દામાલની ચોરી**

ધારી, તા.૧૦

ધારીના ડાંગાવદર ગામે નિશાચરોએ બંધ મકાનને નિશાન બનાવીને રૂ. ૨૧,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે જયદેવભાઈ અશ્વીનભાઈ વ્યાસ (ઉ.વ. ૩૮) એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ડાંગાવદર ગામે આવેલ બંધ મકાનના તાળા તોડી અજાણ્યા ચોર ઈસમો ત્રાટક્યા હતા.

મકાનમાંથી ચાંદીના સિક્કા નંગ-૫, જર્મન ધાતુના સિક્કાઓ, ઓમકાર સોનાના નંગ-૨, ચાંદીનું મંગળસૂત્ર નંગ-૧, ચાંદીની માળા નંગ-૧, ત્રાંબાનો ત્રાસ, ગોળી, પાંચ લોટા તથા પિતળના પાંચ દીવા એમ મળી કુલ રૂ. ૨૧,૫૦૦ના કિંમતી મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજુલાના હડમતીયા ગામનો બનાવ**

# હોલ બનાવવા માટે જગ્યાની માંગણી કરતા ઝાપટ મારી ધમકી આપી

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૦

રાજુલાના હડમતીયા ગામે હોલ બનાવવા માટે જગ્યાની માંગણી કરતા ઝાપટ મારીને ધમકી આપવામાં આવી હતી. આ અંગે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી.નિતિનભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯)એ રાણીંગભાઈ આતાભાઈ પીંજર તથા આતાભાઈ ભીખાભાઈ પીંજર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ હડમતીયા ગામના ઉપસરપંચ હોય અને તેઓ પોતાના સમાજના કામ માટે આંબેડકર હોલ બનાવવા સારુ જગ્યાની માંગણી કરવા સરપંચના પતિ રાણીંગભાઈને કહેતા તેમને સારું નહોતું લાગ્યું. આરોપીએ તેમને ગાલ ઉપર બે-ત્રણ ઝાપટ મારી અને શર્ટનું ખિસ્સું ફાડી નાખ્યું હતું. ઉપરાંત આતાભાઈએ સાહેદને ધક્કો મારી પછાડી દીધા હતા અને ઈજાઓ કરી હતી. તેમને તથા સાહેદને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી અને તેના પિતા સાહેદ રમેશભાઈને ધમકી આપી હતી.જે બાદ રાણીંગભાઈ આતાભાઈ પીંજર (ઉ.વ.૪૨)એ નિતિનભાઈ રમેશભાઈ ચૌહાણ તથા રમેશભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પત્ની ગામના સરપંચ છે. તેઓ સરપંચના પ્રતિનિધિ તરીકે કામ કરતા હતા અને ગામમાં પ્રાથમિક શાળા પાસે બ્લોકનું કામ ત્રણેક દિવસથી શરૂ હતું. નિતિનભાઈ ચૌહાણ ગામના ઉપસરપંચ હતા. તેમની પાસે જઈ તે જગ્યાએ તેમના સમાજ માટે આંબેડકર ભવન બનાવવા માટે જગ્યા ફાળવવાનું કહેતા તેમણે કહ્યું કે તે મારા હાથની વાત નથી, તેના માટે મારે પંચાયતના સભ્યો તથા ગામલોકોને પૂછવું પડે. જે વાતનું મનદુઃખ રાખી ગાળો આપી ગાલ ઉપર બે ધોલ મારી, ટાંટિયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ચૌદસ
તા.૧૧-૦૮-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૪૭,
સૂર્યાસ્ત-૦૭:૦૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૧૧-૦૮-૨૦૨૬ મંગળવાર

મેષ:આજે તમે મહત્વની કોઇ યોજના શરુ કરશો. યોજના સફળતાથી પૂર્ણ થતાં એકાદ વર્ષનો લાંબો સમય લાગી શકે છે.

વૃષભ: આજે તમારા જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન આવી શકે છે. બની શકે છે કે એના લીધે જીવનમાં કપરો સમય આવે, પરંતુ યાદ રાખજો દરેક રાતનો દિવસ ઉગે છે.

મિથુન:આજે તમે પ્રસન્ન રહેશો. ઘર હોય કે ઓફિસ આજે દરેક સ્થળે તમે આરામદાયક અને વૈભવી વાતાવરણનો લાભ ઉઠાવશો.

કર્કઃ આ સિવાય આજે કોઇ વરિષ્ઠ વ્યક્તિના સામેલ થવાથી લાંબા સમયથી ચાલતો પારિવારિક વિવાદનો અંત આવી શકે છે.

સિંહ: આજે આરોગ્ય બાબતે સાવચેતી રાખજો અને અનિયમિત ભોજન પર અંકુશ રાખજો. ધ્યાનમાં રાખજો કે કોઇપણ વસ્તુની અતિશિયોક્તિ નુકસાન કરી શકે છે.

કન્યા: આજે અંગત સંબંધ પ્રેમભર્યો અને સહયોગવાળો રહેશે. આરોગ્ય સારું રહેવાથી અલગ-અલગ કાર્યોમાં સક્રિયતાથી ભાગ લઇ શકશો.

તુલા આજે આશાઓ પૂરી ના થતાં બેચેની રહી શકે છે. આજે એક વાતની સ્વીકારી લેજો કે જીવનમાં જ્યારે પણ તમને જરુર પડશે ત્યારે પારિવારિક સંબંધો મો ફેરવી લેશે.

વૃશ્ચિક:આજે ત્રિકોણીય વ્યાપારી ભાગીદારી કે સંબંધોથી લાભ મળી શકે છે, પરંતુ અંગત સંબંધોમાં ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

ધન: આજે સ્વાસ્થ અને નાણાંકીય બાબતે ખાસ ધ્યાન રાખવાની જરુર છે. બીજા લોકોના કામ માટે વધારે પડતી શક્તિ કે ઉર્જાનો વ્યય ના કરશો,

મકર: જીવનના ખરાબ અનુભવોથી શીખ લેજો. ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં આગળ વધજો. આજે કામના સ્થળે અણધાર્યા ફેરફાર થવાની સંભાવના રહેલી છે.

કુંભ: આજે શારીરિક કે માનસિક રીતે હેરાન હોવા છતાંય તમે જે કામ સાહસ સાથે કરશો એમાં સફળતા મેળવશો. ઓફિસ અને ઘરે સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે.

મીન: આજે તમારું ભાગ્ય મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના તમામ ક્ષેત્રોમાં તમે પ્રગતિની દિશા પર આગળ વધશો.

# તમોને અમારા ગામમાં પવનચક્કીના પ્રોજેકટનું કામ કરવાની ના પાડી છતાં ફરીવાર શું કામ શરૂ કર્યું કહી ધમકી આપી

**મેવાસા ગામની સરકારી પડતર જમીન બાબતે બનાવ બન્યો**

વંડા, તા.૧૦

મેવાસા ગામની સરકારી પડતર જમીનમાં તમોને અમારા ગામમાં પવનચક્કીના પ્રોજેકટનું કામ કરવાની ના પાડી છતાં ફરીવાર શું કામ શરૂ કર્યું કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જેતપુરમાં રહેતા અને કૈલાશનાથ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતાં નાઝીમભાઈ હબીબભાઈ પલેજા (ઉ.વ.૩૭)એ મેવાસા ગામના શાંતીભાઈ ચાપભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ કૈલાશનાથ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. મેવાસા ગામે સરકારી પડતર જમીન ઉપર પવનચક્કી પ્રોજેકટનું કન્સ્ટ્રકશનનું કામ શરૂ હતું. આરોપી હાથમાં કુહાડી લઈને આવી તથા અન્ય અજાણ્યા સાત ઈસમો એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી પવનચક્કીના પ્રોજેકટના સ્થળ ઉપર આવી તેમને તથા કંપનીમાં કામ કરતા માણસોને ધાક ધમકી આપી અપશબ્દો બોલી કહ્યું કે, અગાઉ તમોને અમારા ગામમાં પવનચક્કીના પ્રોજેકટનું કામ કરવાની ના પાડેલ હોય તેમ છતાં ફરીવાર શું કામ શરૂ કરેલ છે તેમ કહી હવે પછી જો કામ શરૂ કર્યુ છે તો રાત્રીના અમો બધા આવીને તમારી કંપીનીના મશીનો તેમજ તમારી કંપનીના માણસોને જીવતા સળગાવી દેશુ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચમારડી ગામેથી મહિલા પાસેથી ૧૮ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૦

પોલીસે ચમારડી ગામેથી એક મહિલા પાસેથી ૧૮ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ. ૩,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલાના કુંડલીયાળા ગામે તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત

રાજુલા, તા.૧૦

રાજુલાના કુંડલીયાળા ગામે તળાવમાં ડૂબી જવાથી યુવકનું મોત થયું હતું. આ અંગે રમેશભાઈ મનુભાઈ વાળા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, વિનુભાઈ મનુભાઈ વાળા (ઉ.વ.૪૦) તળાવમાં હાથ પગ ધોતા હતા તે દરમ્યાન પગ લપસતા તળાવના પાણીમાં ડુબી જવાથી મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# છભાડીયા ગામની સીમમાં રિસાઈને આવેલી પરિણીતાને આશરો આપવા મુદ્દે પતિ-પત્નીને ફટકાર્યા

દામનગર, તા.૧૦

દામનગરના છભાડીયા ગામની સીમમાં રિસાયને આવેલી પરિણીતાને આશરો આપવા મુદ્દે ધમકી આપી હતી. મૂળ સરકારી પીપળવા ગામના અને હાલ છભાડીયા ગામની સીમમાં વાડીએ રહેતા અજયભાઈ રવજીભાઈ ચારોલીયા (ઉ.વ.૨૧)એ સંજય સુરાભાઈ વાઘેલા (રહે. ગઢડા) તથા જસદણમાં રહેતા રોહીત કવુભાઈ સાડમીયા, ડીગરી કાનાભાઈ અને જીગાભાઈ વસાભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના સસરા કાદાભાઈ બહાદુરભાઈ વાઘેલા (રહે. ઢસા) એ રોહીત સાડમીયાની પત્ની સોનલબેન રિસાયને આવ્યા હતા ત્યારે બે-ત્રણ દિવસ પોતાના ઘરે સાચવ્યા હતા. જે બાબતનું મનદુઃખ રાખી ચારેય આરોપીઓ બે અલગ-અલગ મોટરસાયકલ લઈને છભાડીયા ગામે તેમણે ભાગી વાવવા રાખેલ વાડીએ આવી મૂંઢ માર માર્યો હતો. તેમજ તેની પત્નીને પણ લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારી પાંચ-છ ટાંકાની ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ ઢીંકાપાટુ વડે માર મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી તેમજ તેની પત્નીને ગાળો આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# છેલ્લા ચાર માસથી પોલીસને હાથતાળી આપતો અમરેલીનો આરોપી અમદાવાદથી પકડાયો

અમરેલી,તા.૧૦

અમેરલીના એલીસીબી પીઆઈ દ્વારા આરોપી વિશાલ મહેશભાઈ મહેતા, (ઉં. ૪૦, મૂળ રહેવાસી બ્રાહ્મણ સોસાયટી,અમરેલી)ને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સના આધારે પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે તેની બાતમીના આધારે તા.૦૭/૦૮/૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતેથી



ધરપકડ કરીને તેને આગળની કાર્યવાહી માટે અમરેલી જિલ્લા જેલ ખાતે સોંપેલ છે. આ આરોપીએ આજથી બે વર્ષ પહેલા એક અમરેલીની મંડળીમાંથી રૂ.૧,૧૮,૩૭૨/-ની લોન લીધી હતી પછી તેની ભરપાઈ નહીં કરતાં તેની સામે અમરેલીની કોર્ટમાં નેગોશીએબલ એક્ટ મુજબ ફરીયાદ થઈ હતી. અંતે કોર્ટે આ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફરમાવી હતી. પરંતુ આરોપી છેલ્લા ચાર માસથી ફરાર થયેલ હોવાથી તેને પકડવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

## તંત્રી લેખ

# વિકાસ રોકવાથી ઉત્તરાખંડની આફત ઓછી નહી થાય

ઉત્તરાખંડમાં ચોમાસું હવે માત્ર વરસાદની ઋતુ રહ્યું નથી, પરંતુ પર્વતીય જીવન માટે પરીક્ષાની ઋતુ બની ગયું છે. ભારે વરસાદ, અચાનક પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાની ઘટનાઓ અને ગ્લેશિયલ તળાવો તૂટવાથી આવતા પાણીના પ્રવાહને કારણે વારંવાર માનવ વસાહતો, રસ્તાઓ અને યાત્રાધામોને નુકસાન થાય છે. દરેક મોટી દુર્ઘટના બાદ તેને માત્ર કુદરતી આફત ગણાવીને આગળ વધી જવું સરળ છે, પરંતુ વાસ્તવિકતા એટલી સરળ નથી. ઉત્તરાખંડની આફતો પાછળ માત્ર અતિવિકાસ જ જવાબદાર નથી, પરંતુ કુદરતી ભૌગોલિક પરિસ્થિતિ, બદલાતી આબોહવા અને માનવ હસ્તક્ષેપ જેવી અનેક બાબતો જવાબદાર છે. હિમાલયની ભૂગર્ભ રચના મૂળભૂત રીતે સંવેદનશીલ છે. હિમાલય વિશ્વની નવી પર્વતમાળાઓમાંની એક છે અને અહીં ભૂકંપીય પ્રવૃત્તિ પણ નોંધપાત્ર છે. ઊંચા અને ઢાળવાળા પર્વતો, નબળા ખડકો, ઊંડી ખીણો અને અસ્થિર માટીનું સંયોજન આ વિસ્તારને ભૂસ્ખલન માટે અત્યંત સંવેદનશીલ બનાવે છે. ભારે વરસાદ દરમિયાન માટી અને પથ્થરોની પકડ નબળી પડે છે અને ઢોળાવોનો મોટો ભાગ નીચે સરકી શકે છે. તેથી ઉત્તરાખંડમાં વરસાદને માત્ર પાણી તરીકે જોવો પૂરતો નથી; વરસાદ પર્વતની સ્થિરતા પર પણ સીધી અસર કરે છે. બદલાતી આબોહવા પણ નવી મુશ્કેલી ઊભી કરી રહી છે. વાતાવરણનું તાપમાન વધવાથી વાતાવરણમાં વધુ ભેજ સંગ્રહિત થઈ શકે છે અને કેટલીક પરિસ્થિતિઓમાં ખૂબ જ ટૂંકા સમયમાં અતિભારે વરસાદ પડી શકે છે. પર્વતીય વિસ્તારોમાં થોડા કલાકોમાં પડેલો અસાધારણ વરસાદ નદીઓ અને નાળાઓને અચાનક ઉગ્ર બનાવી શકે છે. બીજી તરફ, હિમનદીઓમાં થઈ રહેલા ફેરફારોને કારણે ઊંચાઈવાળા વિસ્તારોમાં ગ્લેશિયલ તળાવોના જોખમમાં પણ વધારો થઈ શકે છે. આવા તળાવો અસ્થિર બને અને અચાનક તૂટી જાય તો નીચેની ખીણોમાં ભારે પાણીનો પ્રવાહ પહોંચી શકે છે. આ પરિસ્થિતિમાં માનવ હસ્તક્ષેપ પણ જોખમ વધારતો પરિબળ છે. વિકાસ જરૂરી છે, પરંતુ પર્વતની પ્રકૃતિને સમજ્યા વિના કરવામાં આવતો વિકાસ વિનાશનું કારણ બની શકે છે. રસ્તા પહોળા કરવા માટે પહાડોના ઢોળાવો કાપવા, મોટા પાયે બ્લાસ્ટિંગ કરવું, ટનલ ખોદવી અથવા નદીના કુદરતી પ્રવાહની નજીક બાંધકામ કરવાથી ઢોળાવની સ્થિરતા પર અસર પડી શકે છે. પ્રવાસન અને ચારધામ યાત્રા ઉત્તરાખંડની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધાર છે. પરંતુ પ્રવાસીઓ અને યાત્રાળુઓની વધતી સંખ્યા સાથે હોટલ, પાર્કિંગ, હોમસ્ટે અને અન્ય બાંધકામનું દબાણ પણ વધ્યું છે. નદી, નાળા અને પૂરપ્રવાહના વિસ્તારોમાં બાંધકામ થાય તો કુદરતી પાણીના માર્ગો અવરોધાઈ શકે છે. તેથી પ્રશ્ન પ્રવાસન બંધ કરવાનો નથી, પરંતુ કેટલું પ્રવાસન, ક્યાં અને કઈ રીતે થવું જોઈએ તેનો છે. ઉત્તરાખંડ માટે વિકાસની નવી સંહિતા જરૂરી છે. દરેક ખીણ, નદીકાંઠા અને ઢોળાવનું વૈજ્ઞાનિક જોખમ નકશીકરણ થવું જોઈએ. પૂરપ્રવાહ વિસ્તારોમાં બાંધકામ પર નિયંત્રણ, ભૂસ્ખલનની સંભાવના ધરાવતા વિસ્તારોમાં ભૂગર્ભીય અભ્યાસ અને રસ્તા બનાવતી વખતે યોગ્ય ડ્રેનેજ તથા ઢોળાવને સ્થિર કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ ફરજિયાત બનાવવી જોઈએ. જંગલોનું સંરક્ષણ પણ આપત્તિ વ્યવસ્થાપનનો મહત્વનો ભાગ છે. સ્થાનિક વૃક્ષોની મજબૂત મૂળવ્યવસ્થા જમીનને પકડી રાખવામાં મદદ કરે છે. તેથી માત્ર વૃક્ષોની સંખ્યા વધારવા કરતાં સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ પ્રજાતિઓનું સંરક્ષણ કરવું વધુ જરૂરી છે. સાથે જ સ્થાનિક ગ્રામજનોને પણ પર્યાવરણ સંરક્ષણની કામગીરીમાં ભાગીદાર બનાવવા જોઈએ.

# સત્ય સામે ટેકનોલોજીનો સૌથી મોટો પડકાર

આજના સમયમાં ટેકનોલોજીના ઝડપી વિકાસ સાથે માનવજીવન ઘણું સરળ બન્યું છે. સ્માર્ટફોન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના કારણે દુનિયા જાણે આપણા હાથમાં આવી ગઈ છે. કોઈપણ માહિતી થોડી જ સેકન્ડમાં એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચી શકે છે. પરંતુ ટેક્નોલોજીની આ પ્રગતિ સાથે એક નવો અને અત્યંત ખતરનાક દોષ પણ ઊભો થયો છે અને તે છે ડિજિટલ જૂઠ તથા ખોટી માહિતી. જેમ જેમ સ્માર્ટફોન અને ઈન્ટરનેટ દરેક હાથમાં પહોંચ્યા છે, તેમ તેમ ખોટી માહિતી, ભ્રામક ફોટા, નકલી વીડિયો અને અફવાઓ પણ સમાજમાં ઝડપી ગતિએ ફેલાઈ રહી છે. એક ક્લિકમાં લોકોની લાગણીઓ સાથે છેડછાડ થઈ શકે છે. ઘણી વખત કોઈ અફવા એટલી ઝડપથી પ્રસરે છે કે તેની હકીકત શોધવા માટે લોકોને સમય જ રહેતો નથી. કોઈ સંદેશ, ફોટો કે વીડિયો સાચો છે કે નહી તેની ચકાસણી કર્યા વિના તેને આગળ મોકલવામાં આવે છે. પરિણામે સમાજમાં ભ્રમ, ભય, અસંતોષ અને એકબીજા પ્રત્યે અવિશ્વાસનું વાતાવરણ ઊભું થાય છે. ડિજિટલ જૂઠ હવે માત્ર લખાણ કે સામાન્ય અફવા પૂરતું મર્યાદિત રહ્યું નથી. ટેક્નોલોજીના વિકાસ સાથે ખોટી માહિતીને પણ સાચી દેખાડવાની રીતો વિકસિત થઈ છે. અવાજ, ચહેરો અને દૃશ્યોમાં ફેરફાર કરીને એવી સામગ્રી તૈયાર કરી શકાય છે જે પ્રથમ નજરે સાચી લાગે. ડીપફેક ટેક્નિક દ્વારા કોઈ રાજકીય નેતા, અભિનેતા કે લોકપ્રિય વ્યક્તિ એવું કહેતી દેખાઈ શકે છે જે તેણે ક્યારેય કહ્યું જ ન હોય. નકલી તસવીરો, બનાવટી સમાચાર અને કસ્ટમાઈઝ કરેલી વાર્તાઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઈને લોકોમાં મોટો ભ્રમ ફેલાવે છે. તેનો ઉપયોગ ઘણી વખત રાજકીય લાભ મેળવવા, કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા, લોકોનું ધ્યાન ભટકાવવા, ભય પેદા કરવા અથવા વિવિધ સમાજ અને સમુદાયો વચ્ચે વિભાજન ઊભું કરવા માટે થાય છે. ડિજિટલ જૂઠ ફેલાવવાનું એક મોટું કારણ લોકોનું ધ્યાન ખેંચવાનું પણ છે. સોશિયલ મીડિયા પર વધુ દર્શકો, પસંદગીઓ અને પ્રતિસાદ મેળવવા માટે કેટલાક લોકો જાણીજોઈને સનસનાટીભરી અને ભ્રામક સામગ્રી બનાવે છે. લોકો જ્યારે આવી સામગ્રીને તપાસ્યા વિના શેર અથવા ફોરવર્ડ કરે છે ત્યારે ખોટી માહિતી વધુ મજબૂત બને છે અને સત્યનો અવાજ ધીમો પડી જાય છે. ખોટી માહિતીનો પ્રભાવ માત્ર વ્યક્તિ સુધી મર્યાદિત રહેતો નથી. તેની અસર સમગ્ર સમાજ અને લોકશાહી વ્યવસ્થા પર પડી શકે છે. ખાસ કરીને ચૂંટણીના સમયમાં ખોટા સમાચાર અને અસત્ય પ્રચાર મતદારોના વિચારોને પ્રભાવિત કરી શકે છે. જો કોઈ નાગરિક ખોટી માહિતીના આધારે નિર્ણય લેતો હોય તો તેની અસર લોકશાહીની પ્રક્રિયા પર પડે છે. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓના કારણે સમુદાયો વચ્ચે વિભાજન વધી શકે છે. વ્યક્તિગત ટીકા અને નકલી આરોપો ક્યારેક





સામૂહિક વિરોધ કે હિંસાનું સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. સતત ખોટી અને ભ્રામક માહિતીના સંપર્કમાં રહેવાથી ખાસ કરીને યુવાનોમાં અસ્વસ્થતા, ગૂંચવણ અને વિશ્વાસનો અભાવ ઊભો થઈ શકે છે. ડિજિટલ જૂઠ સામે સરકાર દ્વારા વિવિધ કાયદાકીય અને વહીવટી પગલાં લેવામાં આવ્યા છે. માહિતી ટેક્નોલોજી સંબંધિત નિયમો હેઠળ મોટી સોશિયલ મીડિયા કંપનીઓ માટે ફરિયાદ નિવારણ સહિતની વ્યવસ્થાઓ રાખવામાં આવી છે. વપરાશકર્તાઓ હાનિકારક, ગેરકાયદેસર અથવા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભ્રામક સામગ્રી અંગે ફરિયાદ કરી શકે છે અને નિર્ધારિત પ્રક્રિયા મુજબ કાર્યવાહી થઈ શકે છે. જોકે, માત્ર કાયદા બનાવવાથી ડિજિટલ જૂઠની સમસ્યા સંપૂર્ણપણે ઉકેલી શકાય નહીં. ટેક્નોલોજી સતત બદલાઈ રહી છે અને તેની સાથે ખોટી માહિતી ફેલાવવાની પધ્ધતિઓ પણ બદલાઈ રહી છે. તેથી કાયદા અને નીતિઓમાં પણ સમયાંતરે જરૂરી સુધારા થવા જોઈએ. સાથે સાથે અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ખોટી માહિતી સામેની કાર્યવાહી વચ્ચે સંતુલન જાળવવું પણ જરૂરી છે. ડિજિટલ ખોટી માહિતી સામેની લડાઈમાં સ્થાનિક ભાષાનું મહત્વ ખૂબ મોટું છે. ગુજરાતીમાં ફેલાતી અફવા અથવા ખોટી માહિતીને માત્ર અંગ્રેજી ભાષા આધારિત વ્યવસ્થાથી ઝડપથી ઓળખવી મુશ્કેલ બની શકે છે. તેથી સોશિયલ મીડિયા કંપનીઓએ ગુજરાતી સહિતની ભારતીય ભાષાઓ માટે ભાષા નિષ્ણાતો અને ફેક્ટ ચેકિંગ ટીમોને વધુ મજબૂત બનાવવી જોઈએ. સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ સચોટ માહિતી લોકોને ખોટી અફવાઓથી બચાવવામાં મદદ કરી શકે છે. શાળા, કોલેજ અને સામાજિક સંસ્થાઓ દ્વારા પણ ડિજિટલ જાગૃતિના કાર્યક્રમો યોજવા જોઈએ. શાળાઓ અને કોલેજોમાં ડિજિટલ સાક્ષરતાને મહત્વ આપવું આજના સમયની જરૂરિયાત છે. બાળકો અને યુવાનોને માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ શીખવવો પૂરતો નથી, પરંતુ માહિતી સાચી છે કે ખોટી તે ઓળખવાની સમજ પણ આપવી જરૂરી છે. કોઈ માહિતી શેર કરતા પહેલા તેનો સ્રોત તપાસવો, અન્ય વિશ્વસનીય માધ્યમોમાં તે માહિતી ઉપલબ્ધ છે કે નહીં તે જોવું, ફોટા અને વીડિયાની વિશ્વસનીયતા તપાસવી અને શંકાસ્પદ સંદેશને આગળ ન મોકલવો જેવી બાબતો શીખવવી જોઈએ. લોકોને એ પણ સમજાવવું જરૂરી છે કે દરેક વાયરલ માહિતી સત્ય હોય તે જરૂરી નથી. ડિજિટલ જૂઠ સામે સામાન્ય નાગરિક પણ મોટી ભૂમિકા ભજવી શકે છે. કોઈપણ સંદેશ ફોરવર્ડ કરતા પહેલા માત્ર ૧૦ સેકન્ડ રોકાઈને વિચારવાની ટેવ પાડવી જોઈએ. માહિતી ક્યાંથી આવી છે? તેનો વિશ્વસનીય સ્રોત શું છે? તેની પુષ્ટિ અન્ય માધ્યમોમાંથી થઈ છે કે નહીં? અને આ સંદેશ આગળ મોકલવાથી કોઈ વ્યક્તિ અથવા સમુદાયને નુકસાન તો નહીં થાય? આવા સવાલો પૂછવાની ટેવ ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ખાસ કરીને પરિવારના વડીલો અને સોશિયલ મીડિયા પર ઝડપથી સંદેશાઓ ફોરવર્ડ કરતા લોકો માટે સરળ ભાષામાં ડિજિટલ જાગૃતિના કાર્યક્રમો યોજવા જોઈએ. ઓડિયો, વીડિયો અને પત્રિકાઓના માધ્યમથી સ્થાનિક ભાષામાં માર્ગદર્શન આપવામાં આવે તો તેનો વધુ સારો પ્રભાવ પડી શકે છે. ડિજિટલ જૂઠ સામે ટેક્નોલોજીનો ઉપયોગ પણ જરૂરી છે. કૃત્રિમ બુધ્ધિથી તૈયાર કરવામાં આવતી સામગ્રીની ઓળખ માટે વોટરમાર્કિંગ, મેટાડેટા અને અન્ય તકનીકી વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી રહી છે. ભવિષ્યમાં સોશિયલ મીડિયા, બ્રાઉઝર અને મેસેજિંગ એપ્લિકેશનમાં જ માહિતી ચકાસવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો સામાન્ય વપરાશકર્તાને પણ મદદ મળી શકે છે. આ ઉપરાંત શંકાસ્પદ સામગ્રીની ફરિયાદ, બ્લોક અને રિપોર્ટ કરવાની સુવિધાનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. કોઈ સામગ્રી શંકાસ્પદ લાગે ત્યારે તેને વાયરલ કરવાને બદલે સંબંધિત પ્લેટફોર્મ પર તેની ફરિયાદ કરવી વધુ જવાબદારીભર્યું પગલું છે. ડિજિટલ યુગમાં ટેક્નોલોજી પોતે સારી કે ખરાબ નથી. તેનો ઉપયોગ કેવી રીતે થાય છે તે મહત્વનું છે. ખોટી માહિતી બનાવવી અને ફેલાવવી આજે પહેલા કરતાં સરળ બની છે, પરંતુ તેને રોકવાની જવાબદારી પણ દરેક નાગરિકની છે. સરકાર કાયદા બનાવી શકે, ટેક્નોલોજી કંપનીઓ વ્યવસ્થા ઊભી કરી શકે અને ફેક્ટ ચેકિંગ સંસ્થાઓ હકીકત સામે લાવી શકે, પરંતુ અંતે કોઈ સંદેશને આગળ મોકલતા પહેલા વિચારવાની જવાબદારી વ્યક્તિની પોતાની છે. જો દરેક નાગરિક થોડો સમય કાઢીને માહિતીની સત્યતા તપાસે અને અફવા ફેલાવવાનું ટાળે તો ડિજિટલ જૂઠની અસર ઘણી હદ સુધી ઘટાડી શકાય છે. ટેક્નોલોજીના યુગમાં સૌથી મોટી જરૂરિયાત માત્ર ઝડપી માહિતી મેળવવાની નથી, પરંતુ સાચી માહિતી ઓળખવાની છે. તેથી 'વિચાર્યા વગર શેર નહીં, તપાસ્યા વગર વિશ્વાસ નહીં' એ સિધ્ધાંત દરેક ડિજિટલ વપરાશકર્તાએ અપનાવવો જોઈએ. સત્યની રક્ષા માત્ર સરકાર કે કોઈ એક સંસ્થાની નહીં, પરંતુ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે.

**સત્યની સામેનો સૌથી મોટો પડકાર સોશિયલ મીડિયાનો છે. સોશિયલ મીડિયામાં કોઈપણ સાચી ખોટી હકીકત એક ક્ષણની અંદર દુનિયાભરની અંદર વાયરલ થઈ જાય છે આને કારણે સાચું શું અને ખોટું શું એ વિચારવાનું બિલકુલ ટાઈમ મળતો નથી અબજો ની સંખ્યામાં કન્ટેન્ટ અપલોડ થાય છે આથી તેને અટકાવવા અશક્ય લાગે. આ સમસ્યાનો ઉકેલ શું?**

## શબ્દ સંજોગ-૨૨૪૬



**આડી ચાવી :**
(૧) સરસ્વતી (૩)
(૩) પ્રામાણિક,નીતિમાન (૨)
(૫) '' હું તમારી માતાના સસરાની પત્નીની દીકરીની દીકરીની દીકરીના નાના'' (૨)
(૭) માછલું (૨)
(૮) દોરડા પર ખેલ કરનાર (૨)
(૯) ધર્મ પ્રમાણેનું આચરણ (૨)
(૧૧) પતિ દ્વારા પત્ની પર કરાતો .... કયારેક જીવનના પાયા ડગમગાવી દે છે (૨)
(૧૨) ભવિષ્યમાં થનારૂં (૨)
(૧૩) આંખ,ચક્ષુ (૩)
(૧૫) ચૂંટણીનો મત (૨)
(૧૭) જાડી મોટી ચાદર (૨)
(૧૮) ફૂલની પાંખડી (૨)
(૨૦) કંપનીઓ દીવાળીમાં પોતાના કર્મચારીઓને આપે (૩)
(૨૨) સૌંદર્યયુકત રચના (૨)
(૨૩) માનવી થઈને ....મારતાં શરમ નથી આવતી ? (૨)
(૨૫) રાહ,રસ્તો (૨)
(૨૬) એક શસ્ત્ર (૩)
(૨૮) એક મુસલમાની વાનગી (૪)
(૩૧) છડી,શિક્ષા (૨)
(૩૨) યોજના કરનાર (૩)
(૩૩) કાકડો,શક્તિ (૨)
(૩૪) ભરડકું,કાંજી (૨)

**ઉભી ચાવી :**
(૧) એક છંદ (૩)
(૨) રાજનીતિના ચાર ઉપાયોમાંનો એક (૨)
(૪) પતંગ (૪)
(૬) પરમાત્મામાં અખૂટ વિશ્વાસ હોય તો પણ ... વિના બધું અધૂરૂં. (૫)
(૧૦) મૂએલાંને અર્પાતાં તલ પાણી (૪)
(૧૪) મોટી નદી (૨)
(૧૬) પાનાના હાંસિયામાં લખેલી ટીકા (૨)
(૧૯) કપાળ,ભાલ (૩)
(૨૧) ખોદવાની કોશ (૩)
(૨૪) તાંબાનો લોટા (૩)
(૨૫) એક જાતની મીઠી જુવાર (૨)
(૨૬) ભાગ,જુથ (૨)
(૨૭) પોતાની પ્રમિકાને ચાહનાર બીજો આશિક (૩)
(૨૯) ધૂળનો કણ (૨)
(૩૦) ઠંડા પ્રદેશોમાં જોવા મળતું એક પશુ (૨)
(૩૧) દાંત (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૫ જવાબ

**આડી ચાવી:** (૧) છેડતી (૩) ભોપાલ (૬) રબર (૮) તાલવ્ય (૧૦) છેડો (૧૩) ડીલર (૧૫) સાર્થક (૧૭) પા (૧૮) રગડો (૨૦) નારદ (૨૩) લબ (૨૪) કમન (૨૬) દાદર (૨૮) ઘાસ (૨૯) મરજી (૩૨) રકાસ (૩૪) રફુ (૩૫) ઘુવડ.
**ઉભી ચાવી:** (૧) છેડાછેડી (૨) તીર (૩) ભોર (૪) લતા (૫) ભવ્ય (૭) બસ (૯) લઘુ (૧૧) ડોલર (૧૨) પ્રાર્થના (૧૪) રગ (૧૬) કરકસર (૧૯) ડોલ (૨૧) દમ (૨૨) ગદધર (૨૫) નર્વસ (૨૭) રમ (૩૦) રઘુ (૩૧) જીવ (૩૩) કાળ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૪૦ | ૧૯૬૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| જુવાર પીળી | ૪૦૧ | ૫૫૦ |
| બાજરી | ૩૫૦ | ૪૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૬૬ |
| ચણા પીળા | ૧૦૨૫ | ૧૨૪૨ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૧૮૧૦ |
| અડદ | ૧૩૧૩ | ૧૮૫૯ |
| મગ | ૧૧૫૦ | ૧૭૨૫ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૨૩૨ |
| ચોળી | ૧૦૩૦ | ૧૪૬૦ |
| વટાણા | ૬૧૦ | ૯૧૪ |
| કળથી | ૪૦૫ | ૭૦૨ |
| રાજમા | ૧૪૦૫ | ૨૧૦૩ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૨૮૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૨૧૫ | ૧૫૨૫ |
| તલી | ૨૦૫૪ | ૨૪૯૪ |
| એરંડા | ૧૩૨૦ | ૧૪૧૮ |
| અજમો | ૧૮૫૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૧ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૭૯૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૬૦ |
| લસણ | ૧૦૬૦ | ૨૬૫૦ |
| ધાણા | ૨૭૨૦ | ૨૯૯૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૧૪૦ |
| વરીયાળી | ૧૫૫૨ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૮૩૫ |
| રાય | ૧૩૬૦ | ૧૮૪૪ |
| મેથી | ૯૩૦ | ૧૭૪૪ |
| ઇસબગુલ | ૧૩૦૧ | ૧૯૫૦ |
| કલોંજી | ૩૩૩૦ | ૩૬૨૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૭૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૪૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૯ | ૮૧૩ |
| પપૈયા | ૧૫૫ | ૩૧૧ |
| બટેટા | ૮૩ | ૨૮૨ |
| ડુંગળી સુકી | ૧૭૫ | ૪૬૫ |
| ટમેટા | ૨૨૫ | ૫૧૯ |
| સુરણ | ૭૭૫ | ૯૯૬ |
| કોથમરી | ૫૭૧ | ૮૨૫ |
| મુળા | ૪૧૧ | ૬૦૭ |
| રીંગણા | ૩૧૧ | ૬૨૬ |
| કોબીજ | ૩૨૫ | ૫૩૧ |
| ફલાવર | ૬૩૧ | ૮૨૯ |
| ભીંડો | ૮૧૦ | ૧૨૨૭ |
| ગુવાર | ૧૦૩૬ | ૧૪૫૪ |
| ચોળાસીંગ | ૬૮૫ | ૧૦૩૩ |
| વાલોળ | ૮૨૭ | ૧૨૪૧ |
| ટીંડોળા | ૫૭૧ | ૯૮૮ |
| દુધી | ૩૧૨ | ૫૨૨ |
| કારેલા | ૬૭૨ | ૯૮૧ |
| સરગવો | ૭૧૧ | ૧૪૩૧ |
| તુરીયા | ૭૩૧ | ૧૦૪૪ |
| પરવર | ૭૩૬ | ૧૦૪૧ |
| કાકડી | ૫૧૩ | ૭૨૬ |
| ગાજર | ૩૨૨ | ૫૩૭ |
| વટાણા | ૧૬૨૭ | ૨૭૯૦ |
| ગલકા | ૩૧૮ | ૫૯૭ |
| બીટ | ૩૦૫ | ૫૧૮ |
| મેથી | ૮૦૭ | ૧૩૭૧ |
| વાલ | ૧૨૩૫ | ૧૬૪૪ |
| ડુંગળી લીલી | ૫૭૨ | ૮૫૭ |
| આદુ | ૧૬૫૫ | ૨૯૮૦ |
| મરચા લીલા | ૭૭૭ | ૧૦૧૮ |
| મગફળી લીલી | ૧૦૨૫ | ૧૨૩૩ |
| મકાઇ લીલી | ૧૯૦ | ૩૬૩ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૮૦ | ૫૬૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફલાવર | ૨૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૨૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| કંટોલા | ૧૮૦૦ | ૨૫૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૪૦ | ૧૪૬૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૨૧૦૦ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૨૫૭૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૬૫૦ |
| તલ કાશ્મીરી | ૨૧૧૦ | ૨૨૭૦ |
| બાજરો | ૩૦૦ | ૫૨૫ |
| જુવાર | ૫૦૫ | ૧૧૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૭૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૪૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૧૭૦ |
| છોલે ચણા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૯૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૭૦ |
| નવો કપાસ | ૧૨૦૦ | ૧૬૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૯૪૦ |
| ધાણી | ૨૬૬૫ | ૩૦૫૦ |
| અજમા | ૧૩૦૦ | ૨૬૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૩૮૦ | ૫૦૦ |
| શકકરીયા | ૧૦૩૦ | ૧૧૮૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૯૫૦ | ૯૯૦ |
| ગાજર | ૫૯૦ | ૭૦૦ |
| દુધી | ૩૨૦ | ૪૩૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| શીંગઓળા | ૭૮૦ | ૧૧૨૦ |
| વટાંણા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ચોળાલીલાં | ૮૦૦ | ૧૦૨૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૯૩૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૭૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૩૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૨૦ | ૧૨૩૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૩૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૫૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૯૧ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૨૧ |
| તલ કાળા | ૨૭૭૫ | ૩૫૩૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૩૦ |
| બાજરો | ૪૮૦ | ૫૨૦ |
| જુવાર | ૫૫૦ | ૧૧૮૦ |
| અડદ | ---- | ૧૫૫૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ---- | ૧૩૨૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૮૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ઘઉં | ૫૧૪ | ૫૧૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| દાણા | ૧૯૨૦ | ૧૯૩૦ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૨૮૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ઘઉ લોકવન | ૪૩૦ | ૫૨૦ |
| ઘઉ ટુકડા | ૫૪૬ | ૫૪૬ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૧૯૮૦ |
| સોયાબીન | ૧૦૬૦ | ૧૨૬૭ |
| મકાઈ | ૪૨૦ | ૪૨૦ |
| ધાણા | ૨૦૪૦ | ૨૯૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૬ |
| તુવેર | ૧૧૮૦ | ૧૨૪૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૪૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૨૮૫૦ | ૩૭૯૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૬૧ |
| ઘઉ | ૪૯૦ | ૫૧૯ |
| તલ સફેદ | ૧૮૯૦ | ૨૪૧૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૯૨૬ |
| ઘઉં | ૪૫૧ | ૫૦૫ |
| જુવાર | ૩૦૦ | ૪૭૬ |
| મગ | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૮૬ |
| અડદ | ૧૨૦૧ | ૧૬૩૧ |
| તુવેર | ૧૫૦૧ | ૧૩૩૬ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૧૭૫૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૭૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૨૮૦૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૨૩૬ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| શીંગ મીનાક્ષી | ૧૩૬૫ | ૧૩૬૫ |
| શીંગ કાદરી | ૧૧૭૨ | ૧૧૭૨ |
| શીંગ જી-૨૦ | ૮૦૦ | ૧૦૫૨ |
| એરંડા | ૧૩૭૨ | ૧૩૭૨ |
| જુવાર | ૪૫૦ | ૧૦૫૨ |
| બાજરી | ૩૭૦ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૫૬૪ |
| મકાઈ | ૨૩૨ | ૫૦૨ |
| અડદ | ૧૫૨૦ | ૧૮૩૫ |
| મગ | ૧૩૯૦ | ૧૫૮૬ |
| મેથી | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ચણા | ૧૦૨૧ | ૧૨૬૨ |
| તલ સફેદ | ૧૯૮૦ | ૨૫૨૬ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૪૬૦ |
| તુવેર | ૯૨૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ડુંગળી લાલ | ૮૧ | ૫૨૫ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૩૯૫ |
| કપાસ શંકર | ૭૬૫ | ૧૩૫૦ |
| નાળીયેર | ૬૩૦ | ૨૮૬૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૦૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૨ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૧ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૪૫ |
| જુવાર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૭૮ |
| મગ | ૧૨૦૦ | ૧૬૮૪ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૮ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૫૨૨ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૫૮૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૫૭ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૦૨૫ |
| રજકો | ૪૦૦૦ | ૯૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૦૦ | ૧૨૦૫ |
| બાજરી | ૪૦૦ | ૪૬૫ |
| ઘઉં | ૪૪૫ | ૫૪૯ |
| મગ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| અડદ | ૮૨૫ | ૧૧૯૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૮૦ |
| ચોળી | ૧૪૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૬૯ |
| ચણા સફેદ | ૮૪૦ | ૧૬૯૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૩૮૮ |
| તલી | ૧૯૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૪૯૮ |
| લસણ | ૧૦૦૦ | ૩૦૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૮૫ |
| અજમો | ૨૧૦૦ | ૩૮૫૦ |
| અજમાની ભૂસી | ૪૫ | ૨૮૯૫ |
| ડુંગળી સુકી | ૭૫ | ૪૭૫ |
| ડુંગળી નાસિક | ૩૭૦ | ૫૮૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૩૩૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૦૫ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| કલોંજી | ૧૫૦૦ | ૩૬૦૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૮૦ |
| તલ કાળા | ૩૧૬૫ | ૩૩૦૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| બાજરો | ૪૨૫ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૫૩ |
| જુવાર | ૫૦૦ | ૧૨૮૦ |
| મગ | ૧૩૦૨ | ૧૫૦૦ |
| અડદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તુવેર | ૮૧૯ | ૮૧૯ |
| ચણા | ૮૦૦ | ૧૨૨૬ |
| રાય | ૧૬૭૫ | ૧૬૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને આખરી ઓપ

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં આ વર્ષે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવશે. . જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પ્રેસ કોન્ફરન્સ યોજી રાજ્યકક્ષાની ઉજવણી અંગેની વિગતવાર માહિતી જાહેર કરી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા ઘણા દિવસોથી ઉજવણીને લઈને ઝીણવટભરી તૈયારીઓ કરવામાં આવી રહી છે અને તમામ વિભાગોનું સંકલન કરવામાં આવ્યું છે.સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત કુલ ચાર મુખ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એટ હોમ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ધ્વજવંદન સમારોહ અને શસ્ત્ર પ્રદર્શનનો સમાવેશ થાય છે. એટ હોમ કાર્યક્રમ ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૪:૩૦ કલાકે કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલયના ગ્રાઉન્ડ ખાતે યોજાશે. રાજ્યપાલના અધ્યક્ષસ્થાને યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે. એટ હોમ કાર્યક્રમમાં મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ, અગ્રણી નાગરિકો, પદ્મ એવોર્ડ વિજેતાઓ, શહીદ પરિવારજનો અને પ્રાકૃતિક ખેતી કરતી વિશિષ્ટ મહિલાઓ સહિત ૫૦૦થી વધુ આગેવાનોને આમંત્રણ આપવામાં




આવ્યું છે. કાર્યક્રમમાં રાષ્ટ્રભક્તિ ગીત, રાજ્યપાલનું ઉદ્‌બોધન અને અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત બાદ હાઈ-ટીનું આયોજન કરાયું છે. કાર્યક્રમનો સમયગાળો આશરે ૭૫ મિનિટનો રહેશે. ૫૫૦ વાહનોની ક્ષમતા સાથે ત્રણ પાર્કિંગ સ્થળ તૈયાર કરાયા છે તેમજ બે મેડિકલ ટીમ અને બે એમ્બ્યુલન્સ સ્ટેન્ડબાય રાખવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૬:૩૦ કલાકે ફોરવર્ડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેમાં મુખ્યમંત્રી અને રાજ્યપાલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે જિલ્લાના વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરાયેલી કોફી ટેબલ બુક અને જિલ્લા પરિચય પુસ્તિકાનું વિમોચન પણ કરાશે. મુખ્યમંત્રી દ્વારા વિવિધ વિભાગોની વિકાસલક્ષી યોજનાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. ત્યારબાદ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ૬૦ મિનિટનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૦૦૦ આમંત્રિત આગેવાનો ઉપરાંત અંદાજે ૫૦૦૦ જેટલી જાહેર જનતા ઉપસ્થિત રહેવાની ધારણા છે. જેના માટે કુલ ૧૧ પાર્કિંગ સ્થળનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ ઓગસ્ટના રોજ સવારે ૮:૫૫ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જ્યારે સમર્થ વ્યાયામ મંદિરના અખાડા ગ્રાઉન્ડ ખાતે શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

**૧૩ ઓગષ્ટે સવારે ૧૦:૩૦ કલાકે પોલીસ પરેડ મેદાનથી તિરંગા યાત્રા અને સાંજે ૮:૩૦ કલાકે લોકડાયરો યોજાશે**

**દેશભક્તિ અને લોકસાહિત્યના અનોખા સંગમના સાક્ષી બનવા જિલ્લાવાસીઓને કલેક્ટરનું ભાવભર્યું આમંત્રણ**

**સાંસ્કૃતિક કાર્યક્રમ ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૬:૩૦ કલાકે ફોરવર્ડ સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે**

**જિલ્લાની તમામ સરકારી કચેરીઓ રોશનીથી ઝળહળી ઉઠશે, જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહનો માહોલ**

# દીવના ઝોલાવાડીમાં પૂરપાટ થાર કારે એક્ટિવાને અડફેટે લેતા ચાલક ગંભીર

ઉના,તા.૧૦



દીવના ઝોલાવાડી મેઈન રોડ પર પૂરપાટ ઝડપે આવી રહેલી મહિન્દ્રા થારે ટુ-વ્હીલરને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોપેડ ચાલક કેવલ મકવાણા નામના યુવકને બંને પગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને વધુ સારવાર અર્થે ઉના રિફર કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર થાર ચાલક ધ્રુવેશ દેવજી અને ઈજાગ્રસ્ત યુવક બંને લંડન સ્થિત એનઆરઆઈ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. પોલીસે થાર ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આગામી સોમવારથી શરૂ થતી વંદે ભારત ટ્રેનનું સ્વાગત કરવા ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ**

# ચિત્તલમાં વંદે ભારત ટ્રેનનો સ્ટોપ મંજૂર થતાં ગ્રામજનાએ આગેવાનોનો આભાર માન્યો

અમરેલી,તા.૧૦

ચિત્તલમાંથી પસાર થતી વંદે ભારત ટ્રેનનો તા. ૧૭-૮ થી રેલ્વે મંત્રી વૈષ્ણવ દ્વારા સ્ટોપ મંજૂર કરવામાં આવ્યો છે. ચિત્તલ અને જસવંતગઢ સહિતના આજુબાજુના ૨૦ જેટલા ગામોમાં હર્ષની હેલી ઉઠી છે. આ સ્ટોપ મંજૂર કરાવવા બદલ સંસદ ભરત સુતરીયા અને રાજ્ય મંત્રી કૌશિક વે કરીયા તથા સ્થાનિક આગેવાનોનો આભાર માનવામાં આવ્યો છે.આ નિર્ણયથી સોમનાથ દાદાના દર્શને જતા ભક્તો માટે મુસાફરી વધુ ઝડપી અને સરળ બનશે. અમદાવાદ જવા માટે પણ સુપર ક્લાસ સુવિધા મળતા વેપારીઓને મોટો લાભ થશે. આ અંગે ચિત્તલ અને જસવંતગઢના આગેવાનો વિજયભાઈ દેસાઈ,





કાળુભાઈ ધામી, લાલજીભાઈ દેસાઈ તેમજ ચિત્તલના સરપંચ અને તાલુકા સદસ્ય સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત સદસ્ય જયંતિભાઈ દેસાઈ, તાલુકા આગેવાન લક્ષ્મીશંકર તેરૈયા તથા વેપારી મંડળ ચિત્તલ અને તમામ આગેવાનો-વેપારીઓએ સંસદ ભરત સુતરીયા તેમજ ઊર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાનો આભાર વ્યક્ત કર્યો છે. ચિત્તલની જનતાએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની કુનેહપૂર્વકની નીતિના લીધે ભાજપ સરકારની સાથે સાથે ચિત્તલ ગામના વેપાર અને રોજગારને નવો વેગ મળશે. આ નિર્ણયથી સમગ્ર વિસ્તારના ધાર્મિક અને આર્થિક વિકાસને બળ મળશે.આવતા સોમવારથી શરૂ થનાર વંદે ભારત ટ્રેનને લઈ ચિત્તલના ગ્રામજનો સહિત જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**સાંસદ ભરતભાઈ સુતરીયા અને ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા સહિતના આગેવાનોની રજૂઆત રંગ લાવી**

# રાજુલામાં તિરંગા વિતરણ સાથે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામા આવી

રાજુલા,તા.૧૦

રાજુલામાં વિશ્વ સિંહ દિવસ અને હર ઘર તિરંગા અભિયાનના સંયુક્ત આયોજન સાથે અમરીશ ડેર અને મિત્ર મંડળ દ્વારા શહીદ ચોક, માર્કેટિંગ યાર્ડ સામે તિરંગા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સ્થાનિક નાગરિકો, વેપારીઓ, યુવાનો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. અમરીશ ડેર અને




તસવીર :ગોપાલ રાઠોડ

તેમના સાથીઓએ રાહદારીઓ તથા સ્થાનિક લોકોને વિનામૂલ્યે તિરંગા આપી પોતાના ઘર, દુકાન અને વ્યવસાયિક સ્થળે રાષ્ટ્રધ્વજ સન્માનપૂર્વક ફરકાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે એશિયાઈ સિંહોના સંરક્ષણ અંગે પણ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. અમરેલી અને ગીર વિસ્તાર એશિયાઈ સિંહોનું મહત્વનું રહેઠાણ હોવાથી સિંહોના જતન માટે સૌએ જવાબદારી નિભાવવી જોઈએ તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમથી શહીદ ચોક દેશભક્તિના રંગે રંગાયો હતો. નાગરિકોએ ઉત્સાહપૂર્વક તિરંગા સ્વીકારી હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# લીલીયા બ્રહ્મસમાજ અને યુવા બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

લીલીયા,તા.૧૦

લીલીયા બ્રહ્મસમાજ અને યુવા બ્રહ્મ સમાજ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી લઈને ડિગ્રી અભ્યાસક્રમ સુધી સફળતા મેળવનાર ૮૦ વિદ્યાર્થીઓને વિશાળ બ્રહ્મ પરિવારની હાજરીમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને વોટરબેગ, લંચબોક્સ, સ્કૂલબેગ, ફોલ્ડર



ફાઈલ અને દાતા કૌશિકભાઈ એમ. પંડ્યા દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.વેદોક્ત મંત્રોચ્ચાર, દીપ પ્રાગટ્ય અને વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સમારોહની શરૂઆત થઈ હતી. અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ તુષારભાઈ જોષી તથા લીલીયા બ્રહ્મ સમાજના પ્રમુખ કિશોરભાઈ પાઠક અને અન્ય સમાજશ્રેષ્ઠીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને દાતાઓનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જૈમિન પાઠક, મિતેષભાઈ પંડ્યા, જયેશભાઈ મહેતા સહિત તમામ યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સા.કુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સા.કુંડલા, તા.૧૦

સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની ૭૩મી વાર્ષિક સાધારણ સભા તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વડલી મંદિર ખાતે સંઘના પ્રમુખ દીપકભાઈ માલાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભામાં તાલુકાની વિવિધ સેવા સહકારી મંડળીઓના પ્રમુખો અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ એજન્ડા



મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ૧થી ૧૦ સુધીના તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ક્રીભકો દ્વારા પી.એમ. પ્રણામ કિસાન સંગોષ્ઠી અંતર્ગત ફાર્મર ગ્રુપ ડિસ્કશન યોજાયું હતું. એરિયા મેનેજર રાકેશભાઈ બાંભરોળિયાએ ક્રીભકો અને તેના વિવિધ ઉત્પાદનો અંગે માહિતી આપી હતી. ખેડૂતો તથા મંડળીના પ્રતિનિધિઓએ ચર્ચામાં ભાગ લીધો હતો. પ્રમુખ દીપકભાઈ માલાણીએ સંઘની કામગીરી, પ્રગતિ અને ભવિષ્યની યોજનાઓ અંગે માહિતી આપી હતી. ડિરેક્ટર જીલુંભાઈ ભુકણે સહકારી પ્રવૃત્તિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. મેનેજર રાજુભાઈ માલાણીએ વર્ષ દરમિયાન થયેલી કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.વિવિધ સહકારી અને ખેડૂત આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલી સભાના અંતે ક્રીભકોના જિલ્લા ફિલ્ડ ઓફિસર નીરંજનભાઈ ઘાડિયાએ આભારવિધિ કરી હતી.

# આંસોદર પ્રાથમિક શાળામાં વિશ્વ સિંહ દિવસની શાનદાર ઉજવણી

અમરેલી,તા.૧૦



શ્રી આંસોદર પ્રાથમિક શાળામાં વિશ્વ સિંહ દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના કાર્યક્રમ બાદ બાળકોએ સિંહના મહોરા પહેરીને ગ્રામજનો સાથે મુખ્ય માર્ગો પર જાગૃતિ રેલી કાઢી હતી. રેલી દરમિયાન બાળકોએ સિંહ બચાવોના નારા અને સૂત્રોચ્ચાર દ્વારા સિંહ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. ગામના ચોરા પાસે તમામ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ સિંહના રક્ષણ માટે સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે સિંહ અને માનવ વચ્ચેના આંતરસંબંધો તથા સિંહોની વધતી સંખ્યા અંગે માહિતી આપવામાં આવી હતી. શાળા પરિવાર અને ગ્રામ આગેવાનોએ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.


**॥ ધ્વજવંદન નિમંત્રણ ॥**

૮૦ માં સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે.

જેમા ધ્વજવંદન બાદ સંસ્થાની વિદ્યાર્થીનીઓ દ્વારા **એક સૂર એક તાલ નો** કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ્, પેરન્ટસ્ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

:: ધ્વજ વંદન ::
શ્રી બ્રહ્માકુમારી કિંજલબેન
સંકુલની પૂર્વ વિદ્યાર્થીની
ધ્વજ લહેરાવશે.

:: અધ્યક્ષ સ્થાન ::
શ્રી ઉર્વીબેન કાબરીયા (લંડન)
સંકુલની સ્થાપના વર્ષની પ્રથમ વિદ્યાર્થીની
વર્ચ્યુઅલી અધ્યક્ષસ્થાન શોભાવશે.

:: રાજસ્વી ગૌરવ ::
શ્રી ભરતભાઈ સુતરીયા – સાંસદશ્રી
શ્રી કૌશીકભાઈ વેકરીયા – મંત્રીશ્રી ઉર્જા–પેટ્રો.
શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – સાંસદશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી નારણભાઈ કાછડીયા – પૂર્વ સાંસદશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંઘાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી

તા. ૧૫/૦૮/૨૦૨૬ ને શનિવાર, સવારે ૦૯:૦૦ કલાકે.
**શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત**
સ્થળ :– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી

:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી

-Ad 123


# કચ્છના રાપર નજીક ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, લોકોમાં ભયનો માહોલ

ભુજ,તા.૧૦



કચ્છ જિલ્લાના રાપર નજીક બપોરે આશરે ૧૨:૪૦ વાગ્યે ૨.૮ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સિસ્મોલોજી સેન્ટર અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી આશરે ૧૮ કિલોમીટર દૂર નોંધાયું છે. આંચકો હળવો હોવાના કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ કે મોટા આર્થિક નુકસાનના અહેવાલ નથી. જોકે, ભૂકંપપ્રવણ કચ્છ વિસ્તારમાં ધરા ધ્રૂજતાં સ્થાનિક લોકોમાં થોડીવાર માટે ચિંતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# ધોરાજીના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ દૂર કરવા પાલિકા પાસે માંગ

ધોરાજી,તા.૧૦

ધોરાજી શહેરમાં ગેલેક્સી ચોક, આઝાદ ચોક, ત્રણ દરવાજા અને સ્ટેશન રોડ જેવા અતિ વ્યસ્ત વિસ્તારોમાં રખડતા પશુઓએ અડિંગો જમાવતાં રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય માર્ગો, શાળાઓ અને હોસ્પિટલો આસપાસ રખડતા પશુઓ તથા અવારનવાર



તસવીર : નયન કુહાડીયા

સર્જાતા આખલા યુધ્ધને કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ છે. લારી-ગલ્લા અને શાકભાજીના વેપારીઓને પણ આ પશુઓ નુકસાન પહોંચાડી રહ્યા છે. ભૂતકાળમાં ઢોર નિયંત્રણ કમિટી કાગળ પર જ રહી જતાં નગરપાલિકા તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ધોરાજીના રહીશોએ નગરપાલિકા પાસે વહેલી તકે કડક કામગીરી કરી રખડતા પશુઓના ત્રાસમાંથી કાયમી મુક્તિ અપાવવા માંગ કરી છે.

**ગેલેક્સી ચોક, આઝાદ ચોક સહિતના વિસ્તારોમાં આખલા યુધ્ધથી ભયનો માહોલ: રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ**

# મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લામાં ઈકો કાર પાણીમાં ગરકાવ થતા ૪ લોકોના મોત

ભોપાલ, તા.૧૦

મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સારંગપુર બ્લોકના પડાના નજીક રવિવારે રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. દેવાસ જિલ્લાના સતવાસથી સારંગપુરના કડલાવાડ તરફ જઈ રહેલી ઈકો કાર બાયપાસ પરના પાણી ભરાયેલા પુલ પરથી પસાર



થતી વખતે ધસમસતા પાણીમાં તણાઈ ગઈ હતી. ગ્રામજનોએ ડ્રાઈવરને પુલ પર પાણી ભરાયું હોવાની ચેતવણી આપી હતી અને કાર આગળ ન લઈ જવા સમજાવ્યો હતો, છતાં ડ્રાઈવરે ચેતવણી અવગણી હતી.


કારમાં કુલ ૧૧ લોકો સવાર હતા, જેમાંથી બે લોકો બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. બચાવ કામગીરી દરમિયાન ચાર મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અન્ય પાંચ લોકોની શોધખોળ ચાલુ છે. પોલીસ, વહીવટી તંત્ર અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી શોધખોળ કરી રહી છે. કાર અને ગુમ થયેલા લોકોને શોધવા માટે ક્રેનની મદદ લેવામાં આવી રહી છે. આ બનાવને પગલે નવા બાયપાસ અને પુલની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ સવાલો ઉઠ્યા છે.

# દસ દિવસના વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ખેડૂતોમાં ખુશી

ખેડા, તા. ૧૦

ગુજરાતમાં લગભગ દસ દિવસના વિરામ બાદ ફરી વરસાદી માહોલ સર્જાયો છે. ખેડા જિલ્લાના કપડવંજ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

લાંબા વિરામ બાદ વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી સાથે



પાક માટે નવી આશા જાગી છે. આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી ખેડૂતો અપેક્ષા રાખી રહ્યા છે.અમરેલી જિલ્લાના બગસરામાં પણ દસ દિવસના વિરામ બાદ વરસાદ શરૂ થયો હતો. સવારથી આકાશ વાદળછાયું રહ્યા બાદ બપોરે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને શહેરના વિવિધ વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો. વરસાદના આગમનથી ગરમી અને બફારાથી પરેશાન લોકોને આંશિક રાહત મળી હતી.ખેડા અને અમરેલી સહિતના વિસ્તારોમાં વરસાદ થતાં ખેડૂતોની આશા વધી છે. પાકને જરૂરી પાણી મળી રહે અને આગામી દિવસોમાં વરસાદનું જોર યથાવત રહે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે.

# ભાજપ-અકાલી દળ ગઠબંધનની અટકળો નાયબ સૈનીએ ફગાવી


ચંડીગઢ, તા.૧૦

હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપ અને શિરોમણી અકાલી દળ વચ્ચે ગઠબંધનની ચાલી રહેલી અટકળોને ફગાવી દીધી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પંજાબમાં ભાજપનું ગઠબંધન કોઈ રાજકીય પક્ષ સાથે નહીં, પરંતુ રાજ્યના લોકો સાથે છે. સૈનીએ આગામી ચૂંટણી બાદ પંજાબમાં ભાજપની સરકાર બનવાનો દાવો પણ કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ વચ્ચેની તાજેતરની મુલાકાત અંગે સૈનીએ કહ્યું કે વડા પ્રધાન દેશના ૧૪૦ કરોડ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને તેઓ કોઈને પણ મળી શકે છે. આ મુલાકાતને ભાજપ-અકાલી ગઠબંધન સાથે જોડવી યોગ્ય નથી. સૈનીએ પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર પર પણ આકરા પ્રહાર કર્યા હતા. ભગવંત માન સરકાર પર ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા અને ચૂંટણી નજીક આવતા મહિલાઓને રોકડ સહાયની જાહેરાતો ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યોનો દાવો કર્યો હતો.

# મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં શાળાના છાત્રાલયમાં ૬ વિદ્યાર્થિનીને સાપ દંશ મારતા ત્રણના કરૂણ મોત

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં આદિવાસી સહાયિત રહેણાંક શાળાના છાત્રાલયમાં ઝેરી સાપ કરડતાં ત્રણ સગીર વિદ્યાર્થિનીઓનાં મોત થયા છે, જ્યારે અન્ય ત્રણ વિદ્યાર્થિનીઓ સારવાર હેઠળ છે. ધનોરા તાલુકાથી આશરે ૧૦ કિલોમીટર દૂર જપ્તલાઈ ગામમાં રવિવારે મધરાતે આ ઘટના બની હતી.



છાત્રાલયમાં જમીન પર સૂતી વિદ્યાર્થિનીઓને સાપે કરડ્યો હતો. મૃતક વિદ્યાર્થિનીઓની ઉંમર ૮, ૧૨ અને ૧૪ વર્ષ હોવાનું જાણવા મળ્યું છે. અન્ય ત્રણ વિદ્યાર્થિનીઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી ઝેર વિરોધી દવા આપવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર અવિશ્યંત પાંડાએ ઘટનાની વિગતવાર તપાસના આદેશ આપ્યા છે. છાત્રાલયમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા હતી કે નહીં અને શાળા સંચાલને જરૂરી નિયમોનું પાલન કર્યું હતું કે નહીં તેની તપાસ કરવામાં આવશે. બેદરકારી જણાશે તો જવાબદારી નક્કી કરી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આદિજાતિ વિકાસ વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે તપાસ કરશે.

# જેપીએસસી પરીક્ષા ગેરરીતિ કેસમાં પૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગટેની ધરપકડ

નવી દિલ્હી, તા.૧૦

ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશનના પૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગટેની પરીક્ષામાં કથિત ગેરરીતિના કેસમાં સીઆઈડીએ ધરપકડ કરી છે. જેપીએસસીની ૧૪મી સંયુક્ત સિવિલ સર્વિસ પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામોને લઈને વિદ્યાર્થીઓ દ્વારા ગેરરીતિના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ મામલે ઝારખંડ સીઆઈડી દ્વારા તપાસ ચાલી રહી છે.

તપાસ દરમિયાન સીઆઈડીની ટીમે જેપીએસસીના મુખ્યાલય પર કાર્યવાહી કરી હતી. અધિકારીઓ અને કર્મચારીઓની પૂછપરછ સાથે સંબંધિત દસ્તાવેજોની પણ તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન, વિવાદ વચ્ચે એલ. ખિયાંગટેએ જેપીએસસીના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું, જેને રાજ્યપાલે સ્વીકારી લીધું હતું. હવે તેમની ધરપકડ બાદ તપાસમાં નવો વળાંક આવ્યો છે. પરીક્ષામાં કથિત ગેરરીતિ કેવી રીતે થઈ અને તેમાં અન્ય કોણ સંડોવાયેલું છે તે અંગે સીઆઈડી તપાસ કરી રહી છે.

# જયપુરમાં કોંગ્રેસની 'જવાબદારી રેલી' હિંસક બની, પોલીસે પાણીનો મારો ચલાવ્યો

જયપુર, તા.૧૦

જયપુર મ્યુનિસિપલ કોર્પોરેશન સામે કોંગ્રેસ દ્વારા યોજાયેલી 'જવાબદારી રેલી' દરમિયાન સોમવારે વિરોધ ઉગ્ર બની હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોએ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફ આગળ વધતા પોલીસે બેરિકેડ લગાવી તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કેટલાક



કાર્યકરો બેરિકેડ પર ચઢી આગળ વધવાનો પ્રયાસ કરતાં પોલીસ સાથે ધક્કામુક્કી અને બોલાચાલી થઈ હતી. પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે પાણીના તોપનો ઉપયોગ કર્યો હતો. પૂર્વ કેબિનેટ મંત્રી પ્રતાપસિંહ ખાચરિયાવાસ પણ બેરિકેડ પર ચઢી ગયા હતા. તેમણે ભાજપ સરકાર અને મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે પૃથ્વીરાજ નગરમાં મકાનો તોડવાની કાર્યવાહી સામે સરકારને ચેતવણી આપી હતી. કોંગ્રેસે રસ્તા, સફાઈ, ગટર, સ્ટ્રીટલાઈટ, અતિક્રમણ અને કર વસૂલાત સહિતના મુદ્દાઓને લઈને સરકાર તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સામે વિરોધ નોંધાવ્યો હતો.

# પંજાબમાં આઈએસઆઈ સમર્થિત આતંકી મોડ્યુલનો પર્દાફાશ, ૮૬ હેન્ડ ગ્રેનેડ ઝપ્ત

જલંધર, તા.૧૦

પંજાબના જલંધરમાં પોલીસે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરી એક મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી ૮૬ હેન્ડ ગ્રેનેડ જપ્ત કર્યા છે. આ કાર્યવાહી જલંધર કાઉન્ટર ઈન્ટેલિજન્સ અને શહીદ ભગતસિંહ નગર પોલીસ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં



સામે આવ્યું છે કે આ મોડ્યુલ વિદેશમાં બેઠેલા હેન્ડલર્સના ઈશારે સંચાલિત થઈ રહ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીએ જલંધરના આદમપુર નજીક આવેલા ડેડ લેટર બોક્સમાંથી વિદેશી હેન્ડલર્સની સૂચનાથી ગ્રેનેડ મેળવ્યા હતા. આ મોડ્યુલ આઈએસઆઈ સમર્થિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે જોડાયેલું હોવાની માહિતી મળી છે. પોલીસે સંભવિત હુમલાને નિષ્ફળ બનાવ્યો હોવાનું જણાવ્યું છે. હવે પોલીસ વિદેશી હેન્ડલર્સ, સ્થાનિક સહયોગીઓ તેમજ સમગ્ર નેટવર્કની આગળ-પાછળની કડીઓ શોધવા તપાસ કરી રહી છે. આ મામલે સંબંધિત કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# અભિષેક બેનર્જીને આંખની સારવાર માટે વિદેશ જવાની સુપ્રીમ કોર્ટની મંજૂરી

નવી દિલ્હી, તા.૧૦

સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીને આંખની સારવાર માટે ત્રણ અઠવાડિયા માટે વિદેશ જવાની મંજૂરી આપી છે. બેનર્જીએ કોલકાતા હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. હાઈકોર્ટે તેમને એસએસકેએમ હોસ્પિટલમાં રચાયેલા મેડિકલ બોર્ડ સમક્ષ તપાસ માટે હાજર થવાનો આદેશ આપ્યો હતો. જોકે,



બેનર્જી મેડિકલ બોર્ડ સમક્ષ હાજર થવા તૈયાર ન હોવાથી તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે વિદેશમાં સારવારની જરૂરિયાત અંગે નિષ્ણાત તબીબોના અભિપ્રાય બાદ નિર્ણય લેવો જોઈએ. બેનર્જીએ તેમની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાની પણ માંગ કરી હતી. આ એફઆઈઆર ચૂંટણી પૂર્વે યોજાયેલી જાહેર સભામાં કરાયેલી કથિત ટિપ્પણીઓ સાથે સંબંધિત છે.

# કોલંબિયામાં ૭.૪ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, અનેક લોકો ઘાયલ

નવી દિલ્હી,તા.૧૦

દક્ષિણ અમેરિકી દેશ કોલંબિયામાં સોમવારે સવારે લગભગ ૭ વાગ્યે ૭.૪ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના જોરદાર આંચકા પડોશી દેશ ઈક્વાડોર સુધી અનુભવાયા હતા. ભૂકંપ આવતા લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો અને લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ઘણી ઈમારતોને સુરક્ષાના કારણોસર ખાલી કરાવવામાં આવી હતી. ભૂકંપના કારણે સેંકડો લોકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે. અમેરિકી ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (USGS)ના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્ર કોલંબિયાની રાજધાની બોગોટાથી આશરે ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં પાલમાર વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે.

# સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં હાઈકોર્ટની ટકોર: 'મોટા અધિકારીઓ સામે કાર્યવાહી કેમ નહીં?'

અમદાવાદ,તા.૧૦

સુરતના નાસિરનગર ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટે સુરત મહાનગરપાલિકા અને રાજ્ય સરકારની કામગીરી સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. અદાલતે સવાલ ઉઠાવ્યો હતો કે, નાના કર્મચારીઓ સામે પગલાં લેવાય છે તો જવાબદાર મોટા અધિકારીઓ અને મનપા કમિશનર સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? હાઈકોર્ટે બેઘર થયેલા ગરીબ લોકોને તાત્કાલિક વૈકલ્પિક



રહેઠાણ આપવા આદેશ આપ્યો છે. સાથોસાથ, ડિમોલિશન કાર્યવાહી પાછળ થયેલો ખર્ચ અને નુકસાન ગરીબ નાગરિકો કે તિજોરી પર નાખવાને બદલે દોષિત અધિકારીઓના પગારમાંથી વસૂલવા અંગે પણ ટકોર કરી છે.

# દાહોદ આદિવાસી રેલીમાં ચૈતર વસાવાના પોસ્ટરો મુદ્દે AAP અને ભાજપ સામસામે

દાહોદ,તા.૧૦

દાહોદમાં 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે યોજાયેલી રેલીમાં જેલમાં બંધ આપ (AAP) ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં દેખાયેલા પોસ્ટરો અને બેનરોને લઈને રાજકીય વિવાદ ગરમાયો છે. ભાજપે આક્ષેપ કર્યો હતો કે રેલીમાં આપના કાર્યકરો દ્વારા જાણી જોઈને આ પોસ્ટરો લાવવામાં આવ્યા હતા.



બીજી તરફ, આપના દાહોદ જિલ્લા પ્રમુખ રાકેશ બારીઆએ ભાજપના આ દાવાને ફગાવતા જણાવ્યું છે કે પક્ષ તરફથી કોઈ સત્તાવાર બેનરો લઈ જવામાં આવ્યા ન હતા.

ચૈતર વસાવા પ્રત્યે આદર ધરાવતા સામાન્ય આદિવાસી

**આદિવાસી સમાજના પરંપરાગત પ્રસંગને રાજકીય રંગ આપવાનો આરોપ લગાવ્યો**

લોકોએ સ્વયંભૂ રીતે આ પોસ્ટરો પ્રદર્શિત કર્યા હતા. તેમણે ભાજપ પર આપની છબી ખરડવાનો અને આદિવાસી સમાજના પરંપરાગત પ્રસંગને રાજકીય રંગ આપવાનો આરોપ લગાવ્યો હતો.

# હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલશે તો પરમાણુ કરાર વિના પણ સમાધાનની ટ્રમ્પની તૈયારી

તહેરાન, તા.૧૦

ઈરાન સાથે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષનો અંત લાવવા અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ પરિવહન ફરી શરૂ કરવાને મહત્વ આપી શકે છે. અહેવાલ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નજીકના અધિકારીઓને સંકેત આપ્યો છે કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ ટ્રાફિક સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરે તો પરમાણુ કરાર વિના પણ સંઘર્ષનો અંત લાવવાનો માર્ગ



શોધી શકાય છે. જોકે, ઈરાને સ્ટ્રેટ ફરી ખોલવા માટે કડક શરતો મૂકી છે. તેમાં અમેરિકી નૌકાદળની નાકાબંધીનો અંત, પ્રદેશમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, ઈરાન પરના પ્રતિબંધો હટાવવા, જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરવી અને યુધ્ધ વળતર આપવાનો સમાવેશ થાય છે. ઈરાને અમેરિકા દ્વારા ધમકીઓ અને નિવેદનબાજી બંધ કરવાની પણ માંગ કરી છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંનું એક છે. અહીં દરિયાઈ પરિવહન ખોરવાતા વૈશ્વિક તેલ બજારમાં અસ્થિરતા વધી છે. દરમિયાન, ટ્રમ્પ પર સંઘર્ષનો ઝડપી અંત લાવવાનું દબાણ વધી રહ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ લાંબા સમયથી તણાવનું મુખ્ય કારણ રહ્યો છે.

# અમરેલી શહેર સહિત તાલુકાઓમાં છુટાછવાયા વરસાદથી પાકને જીવતદાન


અમરેલી,તા.૧૦

અમરેલી સહિત જિલ્લાના અનેક તાલુકાઓમાં છૂટાછવાયા વરસાદને કારણે ખેડૂતોના પાકને જીવતદાન મળ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ અમરેલી સહિત જિલ્લામાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ વરસ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી ગરમી અને બફારાના કારણે લોકો પરેશાન બન્યા હતા. ત્યારે બપોરના સમયે અમરેલી શહેરમાં અચાનક જોરદાર વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.અમરેલીમાં વરસાદ શરૂ થતાં રસ્તાઓ પર પાણી વહેતા જોવા મળ્યા હતા. વરસાદના કારણે ગરમીમાં રાહત મળતા લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો. ખાસ કરીને ખેતી પર નિર્ભર ખેડૂતો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે. વરસાદના અભાવે પાકને નુકસાન થવાની ભીતિ વચ્ચે પડેલા આ વરસાદથી વિવિધ પાકોને પાણી મળ્યું છે.બગસરા તાલુકામાં પણ હળવો વરસાદ પડ્યો હતો. જિલ્લાના અન્ય કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદના અહેવાલો સામે આવ્યા હતા. વરસાદની સ્થિતિને કારણે ખેડૂતોમાં આશાનું વાતાવરણ જોવા મળ્યું હતું. જોકે કેટલાક વિસ્તારોમાં હજુ પણ પૂરતા વરસાદની જરૂરિયાત હોવાથી ખેડૂતો આગામી દિવસોમાં વધુ સારા વરસાદની આશા રાખી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# ગુજરાત $૧૧૦ બિલિયનની નિકાસ સાથે દેશનું નંબર-૧ એક્સપોર્ટ રાજ્ય બન્યું

ગાંધીનગર, તા.૧૦

વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે ગુજરાતે નિકાસ ક્ષેત્રે મેળવેલી અભૂતપૂર્વ સફળતાથી દેશમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની કુલ $૮૬૩ બિલિયનની નિકાસમાં ગુજરાતે $૧૧૦ બિલિયનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.



રાજ્યના એન્જિનિયરિંગ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, હીરા-ઝવેરાત અને હાઈ-ટેક સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોએ વિદેશી બજારોમાં મજબૂત પકડ બનાવી છે. રાજ્યના અત્યાધુનિક બંદરો, સુદ્રઢ માર્ગ-રેલ કનેક્ટિવિટી અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) ના કારણે ઉદ્યોગો માટે વૈશ્વિક વેપાર સરળ બન્યો છે.

નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને મળેલા પ્રોત્સાહને પણ નિકાસ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગુજરાતની આ સફળતા 'મેક ઈન ઈન્ડિયા' અને 'વિકસિત ભારત ૨૦૪૭' ના સ્વપ્નને સાકાર કરવા તરફ એક મોટું કદમ માનવામાં આવી રહ્યું છે.

# રાજકોટ-ગોંડલ હાઈવે પરથી ૧૨ હજાર જીલેટિન સ્ટિક અને ૪ હજાર ડિટોનેટ જપ્ત

રાજકોટ,તા.૧૦

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે એક મોટી દુર્ઘટના ટાળીને ગેરકાયદેસર રીતે વહન થતો વિસ્ફોટક સામગ્રીનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. રાજકોટ-ગોંડલ હાઈવે પર કોઠારિયા સોલ્વન્ટ નજીકથી પસાર થતી બોલેરો પીકઅપમાંથી પોલીસે ૧૨,૦૦૦ જીલેટિન સ્ટિક, ૪,૦૦૦ એક્સપ્લોઝિવ ડિટોનેટર અને ૩૦ બંડલ બ્લાસ્ટિંગ કેબલ સહિત કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



આ મામલે પોલીસે સુરેન્દ્રનગર મૂળના અને હાલ રાજકોટમાં રહેતા ડ્રાઈવર દોલાભાઈ રઘુભાઈ મીરની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ જથ્થો મીતુલ નામના શખ્સે પૂરો પાડ્યો હતો અને થાનગઢના હિરેન અલગોતર નામના વ્યક્તિ માટે લઈ જવાઈ રહ્યો હતો.

પોલીસે બંને વોન્ટેડ શખ્સોની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

વિસ્ફોટક પદાર્થ સાથે પોલીસે એક શખ્સની ધરપકડ કરી

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે તિરંગા યાત્રાનું પ્રસ્થાન


ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરમાં જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત આજે ૧૦ ઓગસ્ટના રોજ રાજ્યકક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦ વાગ્યે જી-૬ સર્કલ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી પોતે પણ યાત્રામાં જોડાયા હતા.તિરંગા યાત્રાનો રૂટ જી-૬ સર્કલથી શરૂ થઈ જીએચ-૬ સર્કલ, સીએચ-૬ સર્કલ થઈ નમસ્તે સર્કલ સુધી રાખવામાં આવ્યો હતો. યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નાગરિકો તેમજ વિવિધ ક્ષેત્રના લોકો હાથમાં તિરંગો લઈને જોડાયા હતા. સમગ્ર માર્ગ દરમિયાન દેશભક્તિના માહોલ સાથે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.



યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મળેલી મહામૂલી આઝાદીનું ગૌરવગાન કરવા તેમજ આઝાદીના લડવૈયાઓના બલિદાનને ચિરંજીવ રાખવા માટે 'હર ઘર તિરંગા અભિયાન'ની પ્રેરણા આપી છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે તિરંગા યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ભારતની એકતા અને અખંડિતતાની યાત્રા છે. હાથમાં તિરંગો અને હૃદયમાં ભારતભક્તિ સાથે લોકો આ યાત્રામાં જોડાયા છે. યાત્રામાં જોડાયેલા લોકો દ્વારા દેશભક્તિના નારા સાથે વાતાવરણને ગુંજતું કરી દેવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રા દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બની હતી.





| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | ડાંગ, નવસારી, વલસાડ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૨૨ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદ શહેર, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, ગીરસોમનાથ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ અરવલ્લી, મહીસાગર, દાહોદ, સાબરકાંઠા, પંચમહાલ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |

ઓગસ્ટ-૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું અને સીંગતેલના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | ખાંડ: તહેવાર નિમિત્ત વધારાની | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧૫ |
| | | બી.પી.એલ કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧ |
| ૬ | ખાદ્યતેલ (સીંગતેલ) તહેવાર નિમિતે | N.F.S.A કુટુંબો અને NON N.F.S.A બી.પી.એલ | કાર્ડદીઠ ૧ લિટર | ₹.૧૦૦ |



